આ સર્વ સુમધુર
પુષ્પોની સુવાસ એટલેજ...

# અધ્યાત્મ

વર્ષ : ૧૮
ઓગસ્ટ–૧૯૯૭
અંક : ૧૧




Summit

## સત્ય ઓળખવા જીવનના ઘડતરની શિક્ષા જરૂરી

જે ભોગ માણસના મનને ચંચલ, મલિન ને પરવશ કરતો હોય, માણસને શરીર ને ઇન્દ્રિયોની આસક્તિમાં દિવસે દિવસે વધારે ને વધારે બાંધતો હોય, ચિત્તને વધારે ને વધારે લોલૂપ ને અશાંત કરતો હોય, માણસને વ્યસન ને દુર્ગુણ તથા દુષ્ટ વૃત્તિઓનો દાસ બનાવતો હોય, ને તેને પરમાત્માની નિષ્ઠાથી દૂર ને દૂર લઇ જતો હોય, તે ભોગને યોગ કહેવો ને તેનો આધાર લેનારને રાજયોગીના ઝળકતા નામે જાહેર કરવો એમાં યોગ શબ્દનું અપમાન ને રાજયોગીના રહસ્યનું અજ્ઞાન જ રહેલું છે. વિલાસી સાધુઓ પોતાના વિલાસને ઢાંકવા ને પડદા પાછળનાં કૂકર્મોને સંતાડવા આવી રીતે પોતાને રાજયોગી કહેવડાવતા ફરે છે, ને તેમને રાજયોગી માનનારાં શિષ્યો પણ સારા પ્રમાણમાં મળી રહે છે એ આશ્ચર્ય છે. સ્વતંત્ર ને સાચી રીતે વિચાર કરવાની આપણી શક્તિ કેટલી હણાઇ ગઇ છે તેનો પુરાવો તેમાંથી મળી રહે છે. ને વધારે આશ્ચર્ય તો એ છે કે એમને સાથ આપનારા ને રાજયોગીમાં ખપાવનારા વધારે ભાગના માણસો સારી પેઠે શિક્ષિત હોય છે! પણ એકલી સ્કૂલ-કોલેજની શિક્ષાથી શું વળે? જીવનના ઘડતરની શિક્ષા પણ માણસમાં હોવી જોઇએ. ત્યારે જ તે વિવેકી બની શકે ને સારાસારનો નિર્ણય કરી શકે.

**યોગેશ્વરજી**



પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી

જન્મ : ૧૫-૮-૧૯૨૧

નિર્વાણ : ૧૮-૩-૧૯૮૪

## * કૃપા કદી ના ખૂટે *

તમારી કૃપા કદી ના ખૂટે,
એ તો અનંત ધારે છૂટે. તમારી કૃપા૦
મેઘ ગગનથી, અમી અન્નથી,
તેજ સૂર્યથી ખૂટે,
જળ સૂકાઈ જાય સકળ સૃષ્ટિનું,
કૃપા તાર ના તૂટે. તમારી કૃપા૦
અનંત વરસોથી વરસે એતો,
અનેક એને લૂટે,
તોપણ એમાં ઓટ ન આવે,
નવા ફૂવારા ફૂટે. તમારી કૃપા૦
દુઃખ દીનતા દૂર કરેને,
કોટિ ક્લેશને કૂટે,
એ જ કૃપાની આશા રાખું,
જો જો કદી ના ખૂટે. તમારી કૃપા૦

— યોગેશ્વર

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નંવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૨૫–૦૦
વિદેશમાં રૂ. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૪૨૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૫, બોરડીગેટ, ભાવનગર–૧.

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| ઈશ્વર–સાન્નિધ્યની સાધના | યશસ્વીભાઈ ય. મહેતા | ૧૧ |
| મા, તારા વિના ચેન ના મુજને | પૂ. બાપજી | ૧૪ |
| સંત રાબિયા | ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૧૭ |
| મા–પ્રભુના કૃપા પ્રસંગો | ડો. બી. જે. જાગાણી | ૨૧ |
| લુગડાં ઉતારો | ડો. રણજિત પટેલ (અનામી) | ૨૯ |
| પ્રકાશ–પંથના શ્રેષ્ઠ યાત્રી મહાત્મા યોગેશ્વરજી | જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી | ૩૦ |
| યાત્રા–પરમની સંગાથે–(૩) | સુરેશ શાહ–ટોરન્ટો, કેનેડા | ૩૭ |
| THE ESSENCE OF MAA | Reena Parikh | ૫૦ |
| માતૃશક્તિનું સારતત્ત્વ | તંત્રી | ૫૧ |
| શ્રીગંગાલહરી–(૪) | પરમાર્થી | ૫૨ |
| અરુણાચલની તળેટીમાં પોલ બ્રન્ટન | યોગેશ્વર | ૫૪ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૩ |




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

–મા સર્વેશ્વરી

વર્ષ : ૧૮ ઓગસ્ટ–૧૯૯૭ અંક : ૧૧

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

તા. ૧૧–૬–૮૧, ગુરુવાર, જેઠ સુદ નોમ, ૨૦૩૭

સ્થળ : માઉન્ટ આબુ.

આજે પૂ. શ્રીને થોડી અસ્વસ્થતા શરીરે તાવને લીધે હતી. એટલે સર્વેશ્વરી ૧૦ મિનિટમાં જ બહાર ફરીને આવી જાય છે. આજે પૂ. શ્રીએ સ્નાન કરી ફક્ત શીર્ષાસન જ કર્યું.

અગિયારને વીસ સુધી પૂ. શ્રીએ થોડું લેખનકાર્ય તો કર્યું. આજે ભોજનાલયમાં વાસી ભોજન હતું જેથી પૂ. શ્રી સહિત સૌએ ખાસ કંઇ ન લીધું.

ઉતારા પર આવીને પૂ. શ્રીએ બે ભજનો વિજયભાઇ પાસે, એક સર્વેશ્વરી પાસે ગવડાવ્યાં. આજે એક–બે પ્રશ્નો પૂછાયા.

(૧) મંત્ર નાનો થઇ શકે?

(૨) સ્ત્રીઓ ૐ નમો ભગવતે વાસુદેવાય જપી શકે?

એના જવાબો અગાઉની નોંધમાં આવી ગયા છે તેથી નોંધ ન કરી. પ્રશ્નોત્તરી બાદ શ્રી રામકૃષ્ણદેવની સ્તુતિ બોલાવી સૌ છૂટા પડયા.

પૂ. શ્રીએ આરામ કર્યો.

સાંજે છ વાગે ફરી સૌ મળ્યા.

પૂ. શ્રીએ દશરથાચલ પર્વત પર બિલાડીના ટોપના શાકની વાત કરી. બિલાડીના ટોપની વાત રામાયણમાં આવી જેના પરથી વાતો નીકળી.

ઉત્તરકાશીની દિનચર્યા, દશરથાચલની વાતો, વળી ગંગોત્રીની પગે ચાલીને કરેલી યાત્રા–તેની વાતો થઇ. પછી રામાયણની ચોપાઇઓનો પૂ. શ્રીએ ગુજરાતી અનુવાદ ગાઇ સંભળાવ્યો. પછી હરિઃ ૐ તત્સત્ અને જયરઘુનંદન, જય સીયારામની ધૂન બોલાવી.

સત્સંગની પૂર્ણાહૂતિ પોણા સાતે કરી. પૂ. શ્રીએ થોડું લેખન-કાર્ય કરી આરામ કર્યો. સર્વેશ્વરી સૌ સાથે નીકળી નખી તળાવ તરફ ગયાં. ત્યાંથી આવ્યા બાદ પૂ. શ્રી સાથે થોડો નાસ્તો લઇ આરામ કર્યો. હરિઃ ૐ

**તા. ૧૨–૬–૮૧, શુક્રવાર, જેઠ સુદ દશમ, ૨૦૩૭**
**સ્થળ : માઉન્ટ આબુ.**

સવારે સર્વેશ્વરી ૬ થી ૭–જપ સુધી નખી તળાવના એકાંત સ્થાનમાં જઇ મૌન રાખી મંત્રજપ કરે છે. સાથે શ્રી કલ્યાણ ને શ્રી વિજયભાઇ પણ છે.



પૂ. શ્રી શરીરની અસ્વસ્થતાને લીધે સૂતાં સૂતાં જ પોતાની ૧૦૦ માળાનો નિયમ પૂરો કરે છે.

નિયમિત લેખન બાદ ૧૧–૨૦ દ્વાર ખોલી ભોજનાલયમાં સૌ સાથે જઇને ભોજન લેવાનું બને છે. ભોજનબાદ સત્સંગ શરૂ થાય છે.

ત્યાં પાલનપુરથી આવેલા શ્રી રેવાશંકરભાઇએ પૂ. શ્રીને એક કાગળ લખીને આપ્યો, જેમાં પોતે પૂ. શ્રીને ગુરુ માને છે તે અને સારા જ રસ્તે વાળજો એવી પ્રાર્થના લખેલી હોય છે. પૂ. શ્રીને પોતાને શિષ્ય તરીકે સ્વીકાર કરવાની વિનંતિ પણ એમાં લખી છે. એટલે પૂ. શ્રી એ વાંચીને કહે છે :

તમે ગુરુ માનો એટલે જ તમારો સ્વીકાર થઇ જાય છે. પણ તમારે એ વાત યાદ રાખવાની. આપણે જેને ગુરુ માન્યા તે ગુરુ જેવા નિયમિત, પવિત્ર, સમયપાલનમાં ચોક્કસ, ગુરુ ૧૦૦ માળા કરે તો તમે પણ જપ કરો એટલે ગુરુમાંથી પ્રેરણા મેળવી સારા કામો કરો.

તે ભાઇ : મન બગડેલું છે, શું કરું?

પૂ. શ્રી : જુઓ, તમે સીધાસાદા છો એટલે તમે કેવા છો તે તમે બધાની વચ્ચે પણ કહી શકો છો. બીજા બધા એવા જ હોય પણ તે પોતાનામાં શું ક્ષતિ છે તે કહેતા નથી. તમને તમારા જીવનમાં ક્ષતિ દેખાય છે તો ગુરુના ફોટા પાસે બેસીને ધ્યાન, પ્રાર્થના કરીએ તો માર્ગદર્શન મળે. આ મા (સર્વેશ્વરી) મારા ફોટા પાસે જ વરસો સુધી પ્રાર્થના કરતાં. તો એમને માર્ગદર્શન મળતું.

જીવનને નિર્મળ રાખો ને પ્રભુનું નામ જપો. તુલસીદાસે પણ કહ્યું છે :

તુલસી ઇસ સંસારમેં કરને કો દો કામ,
દેને કો ટૂકડો ભલો, લેને કો હરિનામ.

ત્યારબાદ પૂ. શ્રીએ વિવેકચુડામણિનો આઠમો શ્લોક સમજાવતાં કહ્યું : લૌકિક કાર્યોથી ચિત્તની શુદ્ધિ થાય, પણ કરોડો એવાં કર્મોથી પણ પરમતત્ત્વની પ્રાપ્તિ થતી નથી. તપ જેવા કર્મોથી પ્રભુની પ્રાપ્તિ થાય. કર્મની મર્યાદા હોય છે.

(એમ કહી ઉત્તરપ્રદેશના પંડિત શ્રી હરનામસિંઘની વાત એમનું નામ બરોડાનરેશ કેમ પડયું તેની વાત કરી). સૌ વિદાય થયા. ત્યારબાદ પૂ. શ્રીએ થોડું દૂધ લઇ, થોડું લેખન કરી આરામ કર્યો. ફરી પાછું લેખનકાર્ય શરૂ કર્યું જે છ સુધી ચાલુ રહ્યું. ત્યાં પૂ. શ્રીએ સર્વેશ્વરી પણ પોતાની નોંધમાં મગ્ન છે તે જોયું ને જોતાં જ નીચેની લીટી ગાવા માંડયા :

દેવકન્યા કપૂરા ગામની,
દેવી સર્વેશ્વરીના નામની.
એના મહિમાના કરું વખાણ,
ચિત્ત જોડીને સાંભળો વાણ.

પૂ. શ્રીએ ગાવાનું ચાલુ જ રાખ્યું. ત્યાં સર્વેશ્વરી પૂ. શ્રીના પલંગ પાસે ગયાં. નાનકડી નોંધબુક લઇ ઝડપભેર ઉતારવા માંડયું. શીઘ્રકવિતા પૂ. શ્રીના મુખમાંથી રચાયે જતી હતી. તે નીચે મુજબ ખૂબ ખૂબ લાંબી થઇ.

દોહા : ગણપતિને સ્નેહે સ્મરી, શંકર લાગુ પાય,
મા જગદંબા પ્રેમથી, કરો સદાય સહાય.
જે જગદંબાની કૃપા રંક બનાવે રાય,
અજ્ઞને કરે પ્રાજ્ઞ ને તમને ધરે છાંય.



નિમિષમાત્રમાં સ્વર્ગ દે, મોક્ષ તેમ ગો લોક,
જેની શીતળ છાંયમાં શમે બધાયે શોક.
મહિમા એનો અજ્ઞજન પંડિત શેં જાણે?
ક્યાંક ગુપ્તરૂપે રહે, ક્યાંક દેહ ધારે–
જય જય જય જગદંબે માત,
જય જય જય જગદંબે માત.

રાગ : આખ્યાનનો

દેવ કન્યા કપૂરા ગામની,
દેવી સર્વેશ્વરીના નામની.
એના મહિમાના કરું વખાણ,
ચિત્ત જોડીને સાંભળો વાણ.
એવો કલિયુગ વ્યાપેલો ઘોર,
ચારેકોર વિષયનો શોર.
બધા લક્ષ્મીમાં દિનરાત મ્હાલે,
માણી ભોગ રોજ રોજ ફાલે.
શુદ્ધ પ્રેમનો થયેલો હ્રાસ,
તેમ પવિત્રતાનો નાશ.
પાઠ સંયમ ને સાધના કેરા,
રહી શાસ્ત્રોમાં ગયા અનેરા.
ધર્મનામે થતો વ્યાપાર,
તપ ભૂલાયેલા અપાર.
શ્રદ્ધા ભક્તિને કોઇ ના પૂછે,
આંસુ માનવતા ના લૂછે.

દોહા : એવા ઘોર સમયમહીં સરોજ કાદવમાં,
પ્રગટ થયું કપૂરા મહીં, એક ધન્યદિન આ.
જય જય જય જગદંબે માત,
જય જય જય જગદંબે માત.

ત્યાં તો દ્વાર ખોલવાનો સમય થયો. પૂ. શ્રી અટકી ગયા અને કહેવા લાગ્યા, આ રીતે થોડું લખી શકાય. નાનપણમાં શું કર્યું, ગુરુસેવા કેવી કરી. પ્રાર્થના કેવી કરી!

હવે ખોલી દો બારણાં. પૂ. શ્રીની સૂચના મુજબ દ્વાર ખુલ્યાં. સૌ પ્રણામ કરીને બેઠા. એમાં પાલનપુરના ચાર, અમદાવાદના ત્રણ, એક મોરબીના અને એક પાટડીના ભાઈ હતા.

પૂ. શ્રી સાથે વાતો શરૂ થઈ. એમાં પૂ. શ્રીનું ઉપનિષદ–કવિતામાં છે તેમાંથી ૨૫–૩૦ લીટીઓ પૂ. શ્રીએ ગાઈ બતાવી. જેની રચના સને ૧૯૪૬ માં કરેલી. તે પૂ. શ્રીને કેટલી કંઠસ્થ હતી તે અમને જોવા મળ્યું.

વળી વિવેક ચૂડામણિ, વિષ્ણુસહસ્ર, નારદભક્તિસૂત્ર, વિગેરે બધું જ કાવ્યમાં છે તેની વાત કરી ને વળી આજે જ તરત લખાયેલી સર્વેશ્વરી પરની લીટીઓ પૂ. શ્રીએ રાગમાં સૌને ગાઈ બતાવી. સૌએ આનંદથી મેં ઝીલી.

પૂ. શ્રી આજે ખૂબ મસ્તીમાં હતા. અભિનય સાથે બેઠાં–બેઠાં શરીર ડોલાવતાં ડોલાવતાં ગાતા હતા. પૂ. શ્રીએ કહ્યું : 'આ બધું કૃપાથી લખાય છે. જે લીટીઓનો રાગ પૂ. શ્રીનું 'કૃપાનું કિરણ...' ભજન જેવો હતો. સર્વેશ્વરી પૂ. શ્રીની દરેક લીટી ઝડપથી નોંધ કરી લે છે.



રાગ : એક માંગુ છું....બસ, એક માગું છું,
બસ એક માગું છું. કૃપાનું કિરણ

એવી વાત છે ભાઈ એવી વાત છે,
પ્રભુની કૃપાની ભાઈ કેવી વાત છે?
ચિંતા બાંધી ચાકડે એવી વાત છે,
સદા શીતળ છાંયડે એવી વાત છે.
બેઠા બેઠા ખાઈએ એવી વાત છે,
લાંબા થઈને સૂતા ભાઈ કેવી વાત છે!
જીવડા જરી લેને એનું તું શરણ,
કરશે સદા તારું હરણ ને શરણ.
એની કૃપાની ભાઈ એવી વાત છે,
પ્રભુની કૃપાની ભાઈ કેવી વાત છે!
વિશ્વાસ આવતો હોય ના કૃપામાં,
યોગેશ્વરજી તો છે સાક્ષાત્.
જરા મળી લેને તારી શંકા મટશે,
ભ્રાંતિ બધી તારી કાયમ ટળશે.
માની કૃપાનો એવો પ્રતાપ છે,
ખાટલેથી પાટલે ને પાટલેથી ખાટલે.
પ્રભુની કૃપાની ભાઈ એવી વાત છે,
પ્રભુની કૃપાની ભાઈ કેવી વાત છે!
ભજન કર્યું જેણે દિન રાત કે,
સંયમના દોરે સાંધી જાતને.
એને પ્રસન્નતાનું સદા પ્રભાત છે,
પ્રભુની કૃપાની ભાઈ એવી વાત છે.
એવી વાત છે ભાઈ એવી વાત છે,
પ્રભુની કૃપાની ભાઈ એવી વાત છે!

પૂ. શ્રી ગીત ગાતા રહ્યા. પૂ. શ્રીએ બનાવેલી એ રચના, આનંદભરી રચના સૌ ઝીલતા ગયા. ત્યારબાદ પૂ. શ્રી કહેવા લાગ્યા : 'હવે અમારું કામ પૂરું થયું. બોલવાનું પૂરું થયું. જેના તરફથી રોટલા ને પગાર મળે છે, હવે તેનું થોડું કામ કરીશું, એટલે હવે જેને જ્યાં જવું હોય ત્યાં જાઓ...' એટલે સૌ પ્રણામ કરી વિદાય થયા.

સર્વેશ્વરી પણ બીજે ઉતારો (તા. ૧૫ પછી) જોવા જાય છે. આઠ વાગ્યે શ્રી કલ્યાણ પૂ. શ્રી માટે ભોજન લાવે છે, પણ ખીચડી આજે ભાવે તેવી ન હતી. તેથી પૂ. શ્રી ચણા–શીંગ અને કેરી લે છે. ત્યારબાદ આરામ કરે છે.

સર્વેશ્વરીને પૂ. શ્રી કહે છે : 'આજે જે લીટીઓ તમે લખી તે મને આપજો. જગદંબા (પરમશક્તિ) કહે છે કે આટલું જ લખો. આગળ હમણાં લખવાની જરૂર નથી.'

સર્વેશ્વરી વિચારે છે કે કાવ્યની લીટીઓ લખવાની, તેમાં પણ પૂ. શ્રી જગદંબાની રજા માંગે છે કેટલું બધું અદ્‌ભુત સમર્પણ! પોતે તો લખવાની ઇચ્છા થોડીવાર પહેલાં જ પ્રગટ કરી હતી.

વળી બહાર ઢોલ ને વાજીંત્રો–આદિવાસીઓનાં વાગી રહ્યાં હતાં. પૂ. શ્રીને કાને એ અવાજ ઝીલાયો પૂ. શ્રી ઊભા થઇને બંને હાથ ઊંચા કરી નૃત્ય કરતા હોય તેમ અલૌકિક અભિનય કરતા કરતા રૂમમાં ફરવા લાગ્યા. અંતરના આનંદના એ ભાવ અંતરમાં ન સમાતાં આમ અભિવ્યક્ત થઇ રહ્યો.

થોડી વાતો બાદ આરામ કર્યો. હરિઃ ૐ.

(ક્રમશઃ)



બ્રધર લોરેન્સ

# ઈશ્વર–સાન્નિધ્યની સાધના

શ્રી યશસ્વીભાઇ ય. મહેતા

## પત્રપરિસંવાદ–૧૫ (અંતિમ)

મારાં ભલાં પૂજ્ય મા,

એકમાત્ર ઈશ્વર જ આપણી જરૂરિયાતો શું છે તે સૌથી વધુ સારી રીતે જાણે છે. તે જે કાંઇ કરે છે તે આપણા ભલા માટે જ કરે છે, જો આપણે એકવાર જાણી લઇએ કે તે આપણને કેટલો બધો ચાહે છે તો, આપણે હંમેશાં તેના હાથમાંથી જે કાંઇ મધુર અને કટુકટોરો મળશે તે સહર્ષ સ્વીકારી લેશું; તેની પાસેથી જે કાંઇ આવશે તેનું આપણે સપ્રેમ અને સાનંદ સ્વાગત કરીશું. અત્યંત પીડાદાયક રોગો કદીય સહ્ય હોતા નથી; પરંતુ તે તો ત્યારે જ કે જ્યારે આપણે તેમને ખોટી રીતે જોતાં હોઇએ; જ્યારે આપણને તેની પાછળ રહેલો ઈશ્વરનો હાથ દેખાશે, જે તેનું આપણને પ્રદાન કરે છે; જ્યારે આપણે જાણીશું કે તે તો આપણો પ્રેમાળ પિતા છે, જે આપણને ઠપકો આપે છે અને દુઃખ આપે છે ત્યારે આપણી પીડાઓમાંથી તેનો ડંખ નીકળી જશે અને ઊલટું તે એક આશ્વાસનની ભૂમિકા બની જશે.

આપણી બધી ક્રિયાઓ ઈશ્વરને ઓળખવા માટે જ રહેવા દો; આપણે જેમ તેને વધારે જાણીશું તેમ તેમ આપણને વધુ ને વધુ તેને ઓળખવાનું મન થશે. અને જ્ઞાન એ પ્રેમનું જ એક માપ છે, તેથી જેમ જેમ આપણું જ્ઞાન વધુ ઊંડું અને વધુ વ્યાપક

બનશે તેમ તેમ આપણો ઈશ્વરપ્રેમ તેટલા જ પ્રમાણમાં વધતો જશે; અને જો આપણો ઈશ્વરપ્રેમ સાચો અને સહૃદય હશે તો આપણે તેને દુઃખમાં અને સુખમાં એકસરખો ચાહીશું.

ભૂલેચૂકે પણ આપણે તેની પાસેથી સાંસારિક રીતે આકર્ષક સુખદાયક વરદાનો (પછી ભલે આપણે તેને ગમે તેટલાં ઊંચા ગણતાં હોઈએ,) ન માગીએ કે જે તે સહેલાઈથી આપણને આપી શકે તેમ હોય. આવાં વરદાનો ગમે તેટલાં મહાન હોય તોપણ તે આપણને ઈશ્વરની નજીક લઇ જઇ શકે નહિ. તે કામ શ્રદ્ધાદ્વારા તત્કાલ કે તત્ક્ષણ શક્ય અને સરળ બને છે. એટલે તેના સાન્નિધ્યની શોધમાં આપણે શ્રદ્ધાનો માર્ગ જ અપનાવવો જોઇએ; તે આપણા અંતરમાં વસે છે, એટલે આપણે તેને અંતર્યામી કહીએ છીએ. તેને શોધવા આપણે બીજે ક્યાંય જવાની જરૂર નથી. જો આપણે તેને ત્યાં એકલો છોડી દઇને જગતના નશ્વર અને ક્ષુદ્ર સુખ આપતા પદાર્થો અને વ્યક્તિઓ પાછળ દોડયાં કરીએ તો તેનાથી તે કેવી રીતે ખુશ થાય? અથવા કદાચ તેને આ અપમાનજનક નહીં લાગે? આવાં અનિત્ય સુખો આપતા પદાર્થો કે વ્યક્તિઓ ગમે તેટલાં પ્રિય લાગે તોપણ એક દિવસ આપણને ભારે પડવાનાં છે, કારણ કે તે આપણને એક દિવસ છોડી જવાના છે.

આપણે ઉત્સાહપૂર્વક અને ખરા અંતઃકરણપૂર્વક તેની પ્રત્યે એકનિષ્ઠ થવાનું શરૂ કરી દઇએ તે સિવાયનું બીજું બધું કચરો સમજીને આપણા હૃદયની બહાર ફેંકી દઇએ. આપણા હૃદયનો એકમાત્ર માલિક તેને બનાવી દઇએ. જો વરદાન માગવું જ હોય તો આજ માગજો કે હે પ્રભુ, એકમાત્ર આપ જ મારા હૃદયના



સ્વામી બનીને રહો. જો આ માટે આપણે આપણો ભાગ બરાબર ભજવીશું તો આપણે થોડા વખતમાં જ જોશું કે આપણે જે વરદાન ઇચ્છીએ છીએ તે માટે જરૂરી પરિવર્તન આપણામાં આવી રહ્યું છે. આપણા પ્રભુનો પૂરેપૂરો આભાર (તેણે આપને જે આરામ આપ્યો તે માટે) હું માની શકતો નથી. તેની કૃપાથી હું ટૂંક સમયમાં જ તેને મળવાની પ્રતીક્ષા કરી રહ્યો છું. દરમ્યાનમાં આપણે એકબીજાને માટે તેને પ્રાર્થના કરીએ. હું છું, આપણા પ્રભુના શ્રી ચરણોમાં આશ્રય શોધતો **બ્રધર લોરેન્સ.**

(આ પત્ર લખ્યા પછી બ્રધર લોરેન્સે બે દિવસમાં જ મહા-સમાધિ લીધી હતી.) (સંપૂર્ણ)

### અધ્યાત્મના ગ્રાહકોની નોંધણી

અધ્યાત્મ માસિક ઓક્ટોબર, '૯૭ માં અઢારવર્ષ પૂરાં કરી, ઓગણીસમા વર્ષમાં પ્રવેશ કરશે. એટલે જે કેન્દ્રોનાં ભાઇબહેનો અધ્યાત્મ માસિક માટેના વાર્ષિક લવાજમો એકત્રિત કરતા હોય તેઓને વિનંતી છે કે તેઓ ઓગસ્ટ માસથી જ તેઓની આ પ્રવૃત્તિનો આરંભ કરી દે, જેથી સપ્ટે, '૯૭ ના અંત સુધીમાં તેની ગ્રાહક યાદીઓ અમને સમયસર મળી જાય અને ઓક્ટોબર, '૯૭ ના કેટલા અંકો છપાવવા તેનો અંદાજ સવેળા નીકળી શકે.

અધ્યાત્મનું વાર્ષિક લવાજમ રૂા. ૨૫ છે અને પરદેશનું રૂા. ૨૦૦ (એર મેઇલથી)

જાહેરખબરના અંદરના આખા પાનાનો ભાવ રૂા. ૪૦૦ અને અર્ધાનો રૂા. ૨૦૦ છે. — તંત્રી

# મા, તારા વિના ચેન ના મુજને

પૂ. બાપજી

મા તારા વિના ચેન ન મુજને,
અંકે લઇ લે આજ,
અંકે લઇને વહાલ કરી લે,
મારે હૈયે ટાઢક થાય... મારે હૈયે...
મા તારા વિના ચેન ન મુજને...

મુખડે તારું નામ લેવાતું,
હૃદયે તારું ધ્યાન, મા હૃદયે તારું ધ્યાન,
મનડું મારુ તોય ન માને,
આ કેવું તોફાન! માડી આ કેવું તોફાન!
મા તારા વિના ચેન ન મુજને...

જ્યાં જાઉં ત્યાં રહે મારે,
અંતરે ઊંડો દાહ,
તુજને મળવા આતુર હરપળ,
મારા હૃદયે મૂંગું ગાન, મારા હૃદયે...
મા તારા વિના ચેન ન મુજને...

જ્ઞાન ધ્યાન ભૂલીને હું તો,
જોતો તારી રાહ, મા જોતો તારી રાહ,
તારા વિના તૃષા મટે ના,
અંતરને ના આરામ, માડી અંતરને ના...
મા તારા વિના ચેન ન મુજને...



ખાન પાન કે સત્સંગે મારું,
મનડું રહે ના લગાર,
ઊંડે ઊંડે અંતર મારે,
દર્દ ભર્યું એક ગાન, મા દર્દભર્યું એક ગાન,
મા તારા વિના ચેન ન મુજને...

જાણું છું મા કામ ઘણું તને,
બાળકનો ના પાર...(૨)
મનડું મારું ચડયું તોફાને...(૨)
રોજ રોજ મા કહેવું કેટલું,
મરતાને ના માર...મા મરતાને ના માર,
આત્માનંદે મગન રહેતો હું,
તારા પ્રેમે કર્યો બેહાલ...(૨)
મા તારા વિના ચેન ન મુજને...

અંકે લઇ લે આજ...

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫૦૦૭
ફોન : ૬૬૮૨૩૧

## સુવાક્ય

સાધકને સત્ત્વગુણનું અભિમાન હોવું જોઇએ નહિ. જેમ માણસને પોતાની સ્થૂલ સંપત્તિનું અભિમાન હોય છે, તેમ પોતાની ચારિત્ર્યરૂપી સૂક્ષ્મ સંપત્તિનું અભિમાન પણ હોઇ શકે છે. પણ એ અભિમાન નકામું છે. ખોટું છે. એનાથી સાધકની આધ્યાત્મિક પ્રગતિમાં બાધા આવી શકે છે. એટલે તેનાથી બચવા સાધકે જાગ્રત રહેવું જોઇએ.

યોગેશ્વરજી

સૌજન્ય :

YOGA & TOTAL HEALTH CENTRE

ડો. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

"નિરાંત"
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩



# સંત રાબિયા

ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

સંત રાબિયાના નામથી ભક્તો ને ભક્તિસંપ્રદાય ગૌરવ અનુભવે છે, પણ તેના જન્મટાણે તેના ઘરમાં તેલનું ટીપું કે કપડાંનો ટુકડો પણ નહોતાં. ઘરનો દીવો પણ તેલ વગરનો એક ખૂણામાં પડયો રહેતો.

તેની માએ તેના પિતાને ત્યારે કહેલું : 'પડોશીઓને ત્યાંથી થોડું તેલ માંગી આવો.' પણ ખુદાના બંદા જેવા તેના પિતાએ પાડોશીઓના ઘરના બંધ દરવાજા જોઇને પાછા આવીને કહ્યું કે કોઇએ બારણાં ખોલ્યાં જ નહિ, ખરી વાત તો એ હતી કે એ ખુદાના બંદાનો ખુદા સિવાય બીજા કોઇની પાસે હાથ ન ધરવાનો સંકલ્પ હતો.

એ રાતે નિદ્રામાં એને ગેબીવાણી સંભળાઇ : 'તારી આ બાળકી ખુદાને પ્રિય થઇ પડશે ને એ કારણથી મારી ભક્તમંડળીના એક હજાર લોકો એકઠા થશે.' સાથે સાથે એ દૈવી ઈશ્વરીય વાણીએ એ પણ જણાવ્યું : 'બસરાના બાદશાહને મારો પયગામ પહોંચાડ કે તું દરરોજ સૌ વાર ને જુમ્માના દિવસે ચારસો વાર નમાજદ્વારા મારી દુઆ માંગે છે, પણ ગઇ રાતે તું નમાજ ભૂલી ગયો છે તો તેના પ્રાયશ્ચિત્તરૂપે આ પયગામ લઇ આવનાર વ્યક્તિને ચારસો દીનાર આપી દે.'

આ સ્વપ્નું આવ્યા પછી જાગ્રત થતાં રાબિયાના પિતા ખૂબ રડયા. પણ આકાશવાણીના ફરમાન મુજબ આખી સ્વપ્નની વાત

કાગળ પર લખીને તેમણે તે સંદેશવાહક મારફત બસરાના બાદશાહને પહોંચાડી દીધી. એ વાંચીને બાદશાહે ચારસો દીનાર રાબિયાના પિતાને પહોંચાડી પણ દીધી અને દસ હજાર દિરહામ ફકીરો ને દીનદલિતોને વહેંચી દીધી તથા પોતાને યાદ કરવા બદલ ખુદાનો ઉપકાર માન્યો.

સમય જતાં પરિસ્થિતિ બદલાઇ. બસરામાં દુકાળ પડયો ત્યારે રાબિયાના માબાપ હયાત નહોતાં, ને તેની ત્રણ મોટી બહેનો ખોરાકની શોધમાં ક્યાં ને ક્યાં ચાલી ગઇ હતી, ત્યારે રાબિયા એકલી જ હતી. એ વખતે કોઇ જાલિમે રાબિયાને પકડીને પોતાની નોકરડી દાસી બનાવી ને થોડા દિવસ પછી એને થોડી રકમના બદલામાં વેંચી દીધી.

ખરીદનાર શેઠે રાબિયાને ઘણાં મુશ્કેલ ભારે કામ કરવાનાં સોંપ્યાં. એક દિવસ કામથી ત્રસ્ત ને થાકેલી રાબિયા ક્યાંક જઇ રહી હતી ને તેવામાં રસ્તામાં તે પડી ગઇ ને હાથને ભારે ઇજા થઇ. એ દુઃખદ સ્થિતિમાં ખુદાને સન્મુખ થઇ તેણે કહ્યું : 'યા ખુદા, અસહાય તો શરૂથી જ હું હતી ને હવે તો હાથ પણ તૂટી ગયો. છતાં તારી આજ્ઞા ને સેવામાં રહીશ.'

એ જ વખતે દૈવીવાણી સંભળાઇ : 'રાબિયા, ગમગીન ન થા, તને એ સ્થાન–પદ મળશે, જેથી મુલ્કનો બાદશાહ પણ અદેખાઇ કરશે.'

એ સાંભળી રાબિયા પ્રફુલ્લિત થઇ ને શેઠને ત્યાં જઇ એની સેવાચાકરીમાં મગ્ન થઇ ગઇ. તે દિવસે રોજા રાખતી ને રાતભર પ્રાર્થના–ભક્તિ કરતી.

એક રાતે એનો શેઠ નિદ્રામાંથી અચાનક જાગી ગયો ને



હેરાન થઇ ગયો. પણ એને ક્યાંકથી પ્રકાશ આવતો દેખાયો. એ ક્યાંથી આવે છે તે જોતાં એને દેખાયું કે તે બંદગીમાં બેઠેલી રાબિયા તરફથી આવતો હતો. રાબિયાની આસપાસ પણ તેણે પ્રકાશનું વર્તુળ જોયું. ત્યારે રાબિયા ખુદાને કહી રહી હતી : 'જો મારું ચાલે તો મારો સમગ્ર સમય તારી બંદગીમાં ગાળું, પણ તેં તો મને કોઇકની ચાકર બનાવી દીધી, એટલે તારી બંદગી બરાબર થઇ શકતી નથી ને એમાં વિલંબ થવા પામે છે.'

આ સાંભળીને રાબિયાનો શેઠ પરેશાન થઇ મનોમન બોલવા લાગ્યો : 'ખરી રીતે તો મારે આ ખુદાની ભક્તિની સેવા કરવી જોઇએ, પણ ઊલટી રીતે હું તેની પાસે ચાકરી કરાવી રહ્યો છું.' આમ વિચારી તેણે સવાર થતાં જ રાબિયાને પોતાની ગુલામ-ગીરીમાંથી મુક્ત કરી દીધી.

એટલે શેઠને ઘેર તેણે ધ્યાનબંદગી માટે જે ઓરડી રાખી હતી એમાંથી બહાર આવી તે મુક્ત રીતે ખુદાની બંદગી ને ધ્યાન ભક્તિ કરવા લાગી. ને ભજનકીર્તનમાં મગ્ન રહેવા લાગી. એક-વાર સંધ્યા સમયે રાબિયા પોતાની ઓરડીની બહાર થોડા અજ-વાળામાં કાંઇક શોધી રહી હતી, અને ધૂળ ફંફોસી રહી હતી.

એને ધૂળમાં ફંફોસતી જોઇને આસપાસના લોકોએ તેને પૂછ્યું : 'રાબિયા, શું શોધી રહી છે?'

એણે કહ્યું : 'સોઇ ખોવાઇ ગઇ છે.'

લોકોએ પૂછ્યું : 'ક્યાં પડી ગઇ છે?'

રાબિયાએ કહ્યું : 'અંદર ઓરડીમાં પડી ગઇ હતી.'

એ સાંભળીને હસતાં હસતાં લોકો બોલ્યા : 'અરે, રાબિયા, તું

તો પાગલ થઇ ગઇ છે. ઓરડીમાં પડી ગયેલી સોઇ ઓરડીની બહાર શોધી રહી છે!

જવાબમાં રાબિયાએ કહ્યું : 'હું તો હમેશાં એવું જ જોઇ રહું છું કે લોકોનો ખુદા ભીતરમાં ખોવાઇ ગયો હોવા છતાં તેને લોકો બહાર જ શોધ્યા કરે છે, એટલે મને લાગ્યું કે ભીતરમાં ખોવાયેલ ખુદા લોકોને જો બહારથી મળી જતો હોય તો ઓરડીમાં પડી ગયેલ મારી સોઇ મને પણ ઓરડીની બહારથી મળી શકે.'

એ સાંભળી લોકોને સાચી વાત સમજાઇ ને તેઓ શરમિંદા થઇ ગયા.

એક પ્રસંગે રાબિયા મક્કા હજ કરવા માટે જઇ રહી હતી, માર્ગમાં ખુદા સાથે વાત કરતાં કરતાં તેણે સવાલ પૂછ્યો : 'ખુદાવંદ! હું તો રાખમાંથી બનેલી છું, અને કાબા તો પથ્થરથી, છતાં હું તને સીધી સન્મુખ થવા ઇચ્છું છું.'

એ જ વખતે એને જવાબ મળ્યો : 'રાબિયા! દુનિયાની રસમ એ જ રીતે ભલે રહી. મારું નૂર જ્યાં હઝરત મૂસાએ ખુદાનું તેજ જોયું હતું તે પહાડ કોહતૂરથી સહન ન થયું ને એ તૂટીફૂટીને ટૂકડે ટૂકડા થઇ ગયો. તો તું તે કેવી રીતે સહી શકશે?'

રાબિયાએ ત્યારે કહ્યું : 'મને મકાનની નહિ, પણ મકાનમાંના નિવાસીની જરૂર છે, મને સૌંદર્યરૂપ કાબાથી વધારે જરૂર સૌંદર્યમય ખુદાના દર્શનની તમન્ના છે.'

બસ એ જ ઘડીએ દિવ્યપ્રકાશ રાબિયાની રગેરગમાં સમાઇ ગયો ને તે તેમાં ભળી ગઇ.



# મા–પ્રભુના કૃપા પ્રસંગો

ડૉ. બી. જે. જાગાણી

ભાવનગરમાં શ્રી રંજનબહેન દેસાઇના પાડોશી ૧૯૮૯ માં થયા. 'પ્રકાશના પંથે' પુસ્તક વાંચવામાં આવ્યું. વાંચવામાં રસ પડયો. પહેલેથી જ આવાં પુસ્તકો વાંચવામાં રસ ખરો. પણ અહીં વિશેષ રસ પડયો કારણ કે યોગવિદ્યાનો તાદૃશ ચિતાર સરળ ભાષામાં, આડંબર વિના રજૂ કરવામાં આવ્યો છે. આ પુસ્તકમાં પૂ. શ્રી યોગેશ્વરજી અગાઉના જન્મમાં બુદ્ધ, રામકૃષ્ણદેવ હતા તેવો ઉલ્લેખ છે. આ ઉલ્લેખને સાબિત કરવા સ્વપ્નદર્શન આપીને ગુરુદેવ જણાવે છે કે, "અમે અગાઉના જન્મોમાં બુદ્ધ, રામ-કૃષ્ણદેવ હતા." આટલી સાદી છતાં ગૂઢ ઘટના બન્યા પછી પુસ્તક વાંચવામાં રસ પડયો, કારણ કે ત્વરિત જવાબો મળવા લાગ્યા. સાત–આઠ દિવસમાં ૧૧૦૦ પાનાનું પુસ્તક વંચાયું. ધ્યાનકેન્દ્રમાં જવા લાગ્યો. પૂ. શ્રી નારાયણભાઇ જાનીનો સંપર્ક થયો. ગુરુ-દેવની સાથે અભ્યાસ કરીને ગુરુદેવ તરીકે સ્વીકાર્યા સુધીની માનસિક યાત્રા દરમિયાન ઘણું ઘણું પામેલા શ્રી નારાયણભાઇએ અધ્યાત્મના પંથે આગળ જવા રસ્તો બતાવી આપ્યો.

પૂ. મા સર્વેશ્વરી એ અરસામાં અમેરિકા હતાં પણ ઓગષ્ટ માસની ૧૫ મી તારીખે પૂ. શ્રી યોગેશ્વરજીનો જન્મ દિવસ ઉજવવા મોરબીમાં એક શિબિર યોજવામાં આવી જેમાં ઉપસ્થિત રહ્યો. શ્રી જનાર્દનભાઇ દવેએ પૂ. શ્રી અને પૂ. મા પર મનનીય પ્રવચન આપ્યું. કેટલાક સાધક ભાઇઓએ પૂ. શ્રીના કૃપા પ્રસંગો

પણ કહ્યા. આ સાંભળીને મને મજા આવી, શાંતિ મળી. એક સાર એવો નીકળ્યો કે પૂ. શ્રીના સ્વરૂપ સમક્ષ પ્રાર્થના કરવાથી પ્રાર્થના તત્કાળ સંભળાય છે. આ વિધાન–તારણથી પ્રેરાઇને મનોમન એક પ્રાર્થના કરી તે પણ શિબિરના સ્થળે જ કે મને પૂ. શ્રીનું એક સ્વરૂપ (ફોટો) મળે તો સારું. હું ખરીદવા ગયો ત્યાં સ્વરૂપ ખલાસ થઇ ગયાં. નિરાશ થયો. શ્રી અશોકભાઇ પટેલ (સુરતવાળા) મારી બાજુમાં બેઠા હતા. પૂ. શ્રીનું વીડિયો પ્રવચન ચાલતું હતું. તેઓએ મને એક ફોટો કોઇ પણ વાર્તાલાપ કર્યા વિના આપ્યો. મને લાગ્યું કે પૂ. શ્રીએ પ્રાર્થના સાંભળી છે અને પ્રત્યુત્તર પણ આપ્યો છે. મનોમન ચાલતી પ્રાર્થનાના પ્રત્યુત્તર પ્રાપ્ત કરવાની તકો મળતી ગઇ અને પ્રેરણા પણ મળવા લાગી.

સાચા સંતની શોધમાં તો ૧૯૭૯ થી હતો જ, પણ મુલાકાત થાય તો ને? અહીં કંઇક આશા જન્મી એટલે અંતરના ભાવો પ્રગટ થતા ગયા. એવામાં પૂ. મા અમેરિકાથી ભારત આવ્યાં. પરિચય હતો નહીં. પણ એક તક મળી. પૂ. માનો જન્મદિવસ વડોદરામાં ઉજવાઇ રહ્યો હતો. પૂ. શ્રી નારાયણભાઇ વડોદરા હતા. શ્રી આકોલીયા સાહેબ દ્વારા મને ભાવનગર શ્રી નારાયણભાઇનો સંદેશો મળ્યો કે ગીતાજી લઇને વડોદરા આવતી કાલે જવાનું છે. હું વડોદરા ગયો. પૂ. મા ઠાઠમાઠથી ઝૂલા પર ભક્તોને આનંદ કરાવતાં હતાં. મને આનંદ થયો પણ સાથે સાથે એક ઈર્ષાભાવ પણ પ્રગટ થયો કે અહીં આપણને પૂ. નારાયણભાઇ સિવાય ઓળખનાર નથી તો માત્ર ગીતાજીની સોંપણી કરીને બપોર પછી ભાવનગર પરત થઇશું કે શું?

એટલામાં શ્રી રંજનબહેન મળ્યાં. તેમણે પૂ. મા સાથે પરિચય કરાવવા પ્રેરણા આપી અને શ્રી નારાયણભાઇની મધ્યસ્થી કરી. હોલમાં પૂ. માને પગે લાગવા ઘણા ભક્તોની ભીડ હતી. કોઇ આડંબર વિના દરેક ભક્તને પૂ. મા પ્રસાદ આપતાં હતાં. ફૂલ સ્વીકારતાં હતાં. પાત્રતા મુજબ વાત કરતાં હતાં. મારો વારો આવ્યો. શ્રી નારાયણભાઇએ પરિચય કરાવ્યો. પૂ. મા બીજી કોઇ વાતમાં વ્યસ્ત હતાં. એક કલાક પછી ફરી પાછો પરિચય કરાવ્યો કારણ કે પ્રથમ પરિચયમાં મને મજા નહોતી આવી. પૂ. માએ વિશેષ પરિચય માટે રાત્રિના ૯–૦૦ કલાકનો સમય આપ્યો. મેં ભાવનગર જવા બસમાં બુકીંગ કરાવી રાખેલું. બસનો ઉપડવાનો સમય પણ ૯–૦૦ વાગ્યાનો હતો. શું કરવું? નિર્ણય કર્યો કે રીઝર્વેશન ભલે જતું કરવું પડે, પણ પૂ. માને તો રૂબરૂ મળી જ લેવું. આવી તક ફરી કદાચ ક્યારે મળે!



પૂ. માની મુલાકાત શ્રી જીતુભાઇના ઘેર નિર્ધારિત સમયે શ્રી નારાયણભાઇની ઉપસ્થિતિમાં થઇ. શ્રી નારાયણભાઇએ સુ-વ્યવસ્થિત રીતે આધ્યાત્મિક રસનું પાન કરાવવા મધ્યસ્થી કરી. પૂ. માએ વહાલથી વાતો કરી. જીવનમાં ડોકિયું કર્યું. પૂ. શ્રીના થયેલા અનુભવોની મેં વાતો કરી. પૂ. માએ આશીર્વાદ આપ્યા અને સ્પર્શથી આધ્યાત્મિક ઉર્જા આપી તેવું હું અનુભવી શક્યો. આ પંદર મિનિટમાં મારું રૂપાંતર થઇ ગયું. પૂ. શ્રીના આદર્શો અને કાર્યોને મૂર્તિમંત કરવા પૂ. માએ બધા જ પ્રકારની મદદ કરવા જણાવ્યું.

વડોદરામાં કરફ્યું હતો. પૂ. મા પાસેથી વિદાય લઇને ભાવ-ભરેલા હૃદયે રોડ પર આવ્યો ભાવનગર નીકળવા. ૯–૧૫ કલાક-નો સમય થવા આવ્યો હતો. સોસાયટીની બહાર રીક્ષા નીકળી. ઊભી રાખવા કોશિષ કરી પણ ઊભી ન રહી. તેની પાછળ એક

પોલીસ–કોન્સ્ટેબલ આવ્યો. તેમને હું કશુંક કહું તે પહેલાં મને પૂછવા લાગ્યા કે ક્યાં જવું છે? બસસ્ટેન્ડે. સાઇકલની પાછળના ભાગ પરના કેરિયર પરથી દંડો દૂર કરી કહ્યું કે તમે સાઈકલ પાછળ બેસી જાઓ. બસસ્ટેન્ડની નજીક ઉતારી દઇશ. આ પ્રસંગથી મને નવાઇ લાગી. પણ વર્ષો પછી અને સાધકોના અનુભવના શ્રવણ પછી ખબર પડી કે આ પૂ. માની કૃપા જ હતી. આપણી બુદ્ધિમાં ન આવે તેવી ઘટના હતી એટલે ભાવપૂર્ણ રીતે સ્વીકાર કરીને પ્રેરણાના સમુદ્ર તરફ વધારે ગતિશીલ બન્યો.

બસસ્ટેન્ડ પર ગયો તો ભાવનગરની બસ પણ ૯–૩૦ કલાક સુધી પડી હતી. સાધકો તેમાં બેઠા હતા. હું બેઠો કે તરત જ બસ ઊપડી. સાધકોને પૂ. મા સાથેના વાર્તાલાપની વાત કરી તેમાં શ્રી વિઠ્ઠલભાઇ, શ્રી હસુમતીબેન, શ્રી રંજનબેન તથા શ્રી ઘનશ્યામભાઇ વગેરે હતા તે સૌ પૂ. માના આ સમાલાપના અહેલાવલથી ઉદ્ભવેલ ભાવથી ભીંજાયા. કારણ કે તેઓ ભક્તો તો હતા ને!

સાચા સંતનો પરિચય થયાના એક અહોભાવ સાથે ભાવનગર આવ્યો. જાણે કે નવો જન્મ મળ્યો. પણ આ તો એક મુલાકાત હતી. કાયમ કેમ આ અનુભવનો નશો ટકી રહે તે એક ઝંખના–ઇચ્છા હતી. સંસારના કશાયો વચ્ચે આ ભાવમાં ટકી રહેવાની મથામણ કરતા કરતા નવા પ્રસંગો બન્યા તે માટે વિશેષ પ્રાર્થનાઓ થઇ અને પ્રત્યુત્તર મળવા લાગ્યા. કંપનીમાં કામ કરતા અધિકારીઓનો કાર્યસિદ્ધિ મૂલ્યાંકન–(Performance Appraisal) થાય છે અને તેને આધારે તાલીમ અને બઢતી નક્કી થાય છે. આટલા સમયગાળામાં અંતરમાં થયેલા ફેરફારોથી તાલીમ મળી કે પ્રાર્થના પૂ. શ્રીને કરવી. પૂ. માને કરવી.



અમારું મકાન બનતું હતું. બુકીંગ કરાવ્યું ત્યારે માત્ર થોડાં નાણાં હતાં. વધારે નાણાંની જોગવાઇ શક્ય ન હતી. સાંસારિક સંબંધો તપાસ્યા. નાણાં મળ્યાં નહીં. પછી એક ધન્ય દિવસે પૂ. શ્રીને પ્રાર્થના કરી. "મકાન આપો. ધ્યાન અને સાધના કરીશું." આટલી ટૂંકી પ્રાર્થનાનો જવાબ મળ્યો રાત્રે સ્વપ્નામાં. 'અમે તમને રૂા. ૯૮,૦૦૦/– મદદ કરીશું." નવાઇ લાગી આવા વિચિત્ર આંકડાથી! અમે ભાવનગર યુનિવર્સિટીમાં રૂા. એક લાખની લોન માટે અરજી કરેલી. ત્યારે સમજાયું નહિ કે લાખ નહિ અને ૯૮,૦૦૦/– જ કેમ? પણ ત્રણ માસ પછી સાચે જ રૂા. ૯૮,૦૦૦/– ની જોગવાઇ થઇ અને ભક્ત શ્રી આકોલીયા સાહેબની દીકરીના લગ્ન પ્રસંગે એકત્રિત સમૂહમાં મકાન–સાહસિક શ્રી મનાલાલને તેટલી જ રકમનો ચેક આપી શક્યો. બસ ત્યાર પછી તો પૂ. ગુરુદેવ સાથે સ્વાર્થભર્યો નાતો બંધાયો. આપણો પુરુષાર્થ ટૂંકો પડે ત્યાં પૂ. શ્રીને યાદ કરીએ એટલે મદદ મળી જ હોય.

બીજા વર્ષે પૂ. મા સાથે અંબાજી રહેવાનું થયું. શિબિરમાં પૂ. માનો પરિચય વિશેષ થયો. કારણ કે આસનો, કૃપા પ્રસંગો અને ભજનો દ્વારા પૂ. ગુરુદેવ અને પૂ. માનું તપ અને લીલા હસ્તાંતરિત થતાં હતાં. એક દિવસ પૂ. માએ પદ ગાયું. "હરિ આવે ફરી, જીવન સંગ્રામે બાજી લગાવે ફરી ફરી." સાર એવો હતો કે પૂ. શ્રી પ્રભુ તરીકે પૃથ્વી પર આવ્યા. પકડ દાવની રમત કરી, કોઇ સાથે રમનાર મળ્યું નહીં. બધાને ઘેર ઘેરથી બોલાવ્યા પણ ટકી શક્યું નહીં. આખરે સર્વેશ્વરી મળ્યાં, ચાર વરસ સુધી (૧૯૮૦ થી ૧૯૮૪) સર્વેશ્વરી સાથે આધ્યાત્મિક લીલા કરીને રહ્યા પછી હરિ એક, બે, ચાર કહેતાં છટક્યા. આ સારભૂતે મને પૂ.

માની ઓળખ કરાવી. ગુપ્ત સાધના શરૂ કરી. પૂ. માએ મંત્ર આપ્યો. જીવનમાં પરિષ્કૃત થવાનો રસ્તો સરળ કરી બતાવ્યો. ભાવિયોજનાઓ અંગે ભૌતિક અને આધ્યાત્મિક સહાય કરી. ત્યારથી એમ થયું કે આ પૂ. મા સામાન્ય નથી કારણ કે અન્ન, જળનો આધાર નથી, સંસારની વચ્ચે રહેવા છતાં અનાસક્ત છે. સદા પ્રસન્ન અને આત્મનિષ્ઠ છે, માત્ર દૃષ્ટિ કરીને જન્માંતરના કશાયો દૂર કરે છે, સહજ વાર્તાલાપ પણ સાચા રસ્તા પર લાવી દે છે, આટલી જાણકારી પછી પૂ. શ્રીએ કહ્યા પ્રમાણે "સુવર્ણ પાસે ચોર સૂતેલો, નિદ્રા આવે કેમ! કૃપા કરોના કેમ." એ પદનો નશો કેમ ન ચડે! બસ ત્યારે પૂ. મામય થવા પૂ. માનો મંત્ર જપ્યા કરું છું. દિવસો પસાર કરું છું, રસ્તામાં આવનારને આવી વાત કરું છું અને જીવનશુદ્ધિના યજ્ઞમાં સહભાગી થાઉં છું.

મનમાં થયેલો શુભ સંકલ્પ પૂ. મા પાર પાડે છે અને આપણી ઇચ્છા હોય તેવો સંકલ્પ આપણને હાલ પૂરતો શુભ લાગતો હોય પણ તેમાં આપણું શ્રેય ન હોય તેવો સંકલ્પ પૂ. મા ક્યારેય પાર પાડતાં નથી.

કૃપા પ્રસંગો તો ઘણા બન્યા છે પણ એવા પ્રસંગો વિષે વાત કરી લઈએ કે જે પ્રસંગો આપણને ઇચ્છા વિનાના ઇચ્છાવાળા માણસ બનવામાં મદદ કરે. ૧૯૮૯ થી ૧૯૯૬ ના સમયગાળામાં આંતરિક કલેવર બદલાવા લાગ્યું તે જોઈ શકાયું. ગત વર્ષે પૂ. શ્રી અને પૂ. માના કૃપાપાત્ર પૂ. બાપજી (શ્રી વિજયભાઈ પુરોહિત) ભાવનગર પૂ. શ્રીની પ્રેરણાથી આવ્યા. પૂ. મા અને પૂ. શ્રી અંગે પોતાના અનુભવો કહ્યા. પોતાના આત્મદર્શનના પ્રસંગનું વર્ણન કર્યું. તેમના ભાવનગરના નિવાસ દરમિયાન સત્સંગની બેઠકો થતી. આત્મદર્શી સંત એટલે કોઈ માણસ તેના સંપર્કમાં આવે



એટલે તે મુલાકાત લેનાર માણસની માનસિક ભૂમિકા પ્રમાણે જ પ્રત્યુત્તર આપે. સામાન્ય રીતે મુલાકાત લેનારના મનમાં જ સત્ત્વરે જ શાંતિ ફરી વળતી તેવું અમે જોઈ શક્યા. આ દિવસોના સત્સંગમાંથી સાર એવો નીકળ્યો કે આપણાં 'પૂ. મા ચૈતન્યમયી મા છે, વિજ્ઞાનમયી મા છે.' ચૈતન્યમયી મા એટલે કણ કણમાં વસતી મા અને છતાં અલિપ્ત મા, વિજ્ઞાનમયી મા એટલે દરેક વખતે નવું રૂપ ધારણ કરતી મા. આવા માનો માત્ર કૃપા-કટાક્ષ–યોગ સાધનાનો પુરુષાર્થ નહીં–વ્યક્તિને ભવબંધનના ફેરામાંથી મુક્તિ આપી શકે.

એક કૃપા પ્રસંગ વર્ણવીને આપણે આધ્યાત્મિક અનુભવોની લહાણી અટકાવીશું. સંતો–શાસ્ત્રો અને સિદ્ધોના અનુભવો પરથી જાણી શકાયું છે કે સાધકની પાત્રતા મુજબ ગુરુદેવ પા પા પગલી મંડાવતાં હોય છે. મને શ્રી રંજનબહેને ૧૯૯૧ માં પૂ. શ્રીનું એક સ્વરૂપ ભેટ (મકાનના વાસ્તા માટે) આપેલું, તે મને ખાસ ગમતું નહીં,–કારણ કે મને પૂ. શ્રીનું વિશાળ સ્વરૂપ ગમતું. પણ એક રાત્રે સ્વપ્નું આવ્યું. 'પૂ. ગુરુદેવના તે સ્વરૂપનો પગનો અંગૂઠો હલ્યો, પછી મુખમંડળમાંથી ૐનો ઉચ્ચાર થયો. બાજુમાં હું ધ્યાન ધરતો હતો. પૂ. શ્રીએ કહ્યું "બોલો, શું સમસ્યા છે?" મેં કહ્યું, "ધ્યાન ધરીએ છીએ પણ કાંઇ અનુભૂતિ થતી નથી, પ્રકાશ આપો તો સારું." પૂ. શ્રી કહે, "નજીક આવો, માથા પર હાથ મૂકું છું. તેનાથી તમને ધન્યક્ષણે પ્રકાશ મળશે." સવાર પડી. આનંદ આનંદ થઇ ગયો! હવે શેષ જીવનમાં એટલી જ ઇચ્છા રહી છે કે પૂ. મા અને પૂ. શ્રીની ઇચ્છા મુજબ એક પોલી વાંસળી તરીકે જીવવું અને વાંસળી પણ તેની ઇચ્છા મુજબ ભલે ટકાવે કે પછી ફેંકી દે. ષડ્‌રિપુઓ, કોટિકલેશ દૂર થાય, જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યમાં

પ્રતિષ્ઠિત થઇએ, પૂ. શ્રી અને પૂ. માના ગુણાનુવાદ ગાયા કરીએ, મ્યાઉં મ્યાઉં કર્યા કરીએ (શ્રી રામકૃષ્ણ પરમહંસના ઉપદેશ મુજબ) અને પૂ. મા આપણને શેઠના પલંગમાં સૂવડાવે કે ચૂલાની રાખમાં, પણ આપણને તેની કોઇ અસર નહીં તેવી ઇચ્છાવાળા ઇચ્છાવિનાના માણસ બનવાનાં પ્રયાસ છે. ધન્ય છે આવી કૃપાનો વરસાદ વરસાવનારી પૂ. માને અને પૂ. શ્રીને ચરણોમાં કોટિ પ્રણામ.

મનન

ઈશ્વર કરુણામૂર્તિ, પ્રેમમૂર્તિ, આનંદમૂર્તિ–પરંતુ તે અનુભવ પરિપક્વ ભક્તિ થઇ હોય તેને થાય. સૌને તેનો અનુભવ પોતાની મનોઅવસ્થા મુજબ થાય છે. ઈશ્વર ક્રૂર છે એમ કહેનારાની ખોટ નથી. નિર્મળ મન જ દરેક પરિસ્થિતિમાં પ્રસન્ન રહી શકે છે. રામકૃષ્ણ પરમહંસ

ઓ. : ૨૨૩૫૯૮ ફે. : ૩૬૨૪૩૭
૨૩૪૦૧૬ ઘ. : ૪૪૧૪૩૧
ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨



## * લુગડાં ઉતારો *

ઊઠો, અનામી! લુગડાં ઊતારો,
ધારો હવે તો શિશુની શુચિતા,
નકાબમાં જિન્દગી તો વિતાવી!
ત્યાગો, હવે જીવણ! સૌ ફરેબી.

ધાર્યાં સદા વલ્કલ રામનાં ને,
મારીચી–માયાથી ન મુક્તિ પામ્યા!
સુવર્ણનાં મૃગ સીતાજી પામ્યાં?
પ્રતારણા તારી શકે ન કોઇને.

તમે જીવ્યા જીવણ! ગાંધી–યુગે,
અદ્વૈત સત્યેશ્વરનું ન જાણ્યું?
રસાયણે વિષ–અસત્ય ઘોળ્યું,
અમૃતના પુત્રનું નામ બોળ્યું.

જાગો, શિશુ–વિષ્ણુ–સ્વરૂપ, જાગો,
અનુગ્રહે રાવણી–ગ્રંથિ ત્યાગો.

— ડો. રણજિત પટેલ (અનામી)

પ્રકાશ-પંથના શ્રેષ્ઠ યાત્રી

# મહાત્મા યોગેશ્વરજી

જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી

૧૫ મી ઓગસ્ટ–એક વિશિષ્ટ રાષ્ટ્રીય પર્વ, કારણ કે તે દિવસે ભારત માતાની ગુલામીની બેડીઓ તૂટી અને તેને આઝાદી હાંસલ થઇ. દરેક ભારતીય માટે તેનું મૂલ્ય જેટલું આંકીએ તેટલું ઓછું છે. પણ યોગેશ્વર પરિવારના સાધકો માટે તો આ રાષ્ટ્રીય પર્વ સવિશેષ મહત્ત્વ ધરાવે છે કારણ કે આપણા પ્યારા પ્રભુનો તે જન્મ દિવસ, પ્રાકટય દિવસ. સને ૧૯૨૧ ની ૧૫ મી ઓગસ્ટ (શ્રાવણ સુદ ૧૨ અને સોમવાર. આજે તેમનું ૭૬ મું વર્ષ પૂરું થાય છે. પ્રકાશ પંથના પ્રણેતાની એક એવી કેડીની યાત્રા કે જેનાં અજવાળાં આવતાં અનેક વર્ષો સુધી જગતના આધ્યાત્મિક પ્રવાસીઓના પથને પ્રકાશિત કરતાં રહેશે.

સામાન્ય ગરીબ બ્રાહ્મણ પરિવારમાં જન્મેલા. માત્ર ૨૭ વર્ષની ભરયુવાનીમાં વિધવા થયેલ માતા જ્યોતિર્મયીના એકના એક પુત્ર–જેણે સાધના કરી એવી સિદ્ધિઓ મેળવી કે તેઓ ભાઇલાલમાંથી ભગવંત બની ગયા. માત્ર બાર–તેર વર્ષની નાનકડી વયથી શરૂ થયેલી એ સાધકની યાત્રા વિલક્ષણ હતી. સામાન્ય રીતે આપણે સાધકો પાસેથી સાંભળીએ છીએ કે આ માર્ગે કોઇ માર્ગદર્શક ગુરુની મદદ તો જોઇએ જ. પરંતુ તેઓએ આવી કોઇ પ્રત્યક્ષ સહાય વગર જ પૂર્વજન્મના પ્રબળ સંસ્કારોને લીધે સ્વબળે, અંતરાત્માની પ્રેરણા મુજબ, પ્રાર્થના અને ધ્યાનના બળે



એ સફરનાં સીધાં ચઢાણ સર કર્યાં. દૈનિક નોંધપોથી અને સતત આત્મનિરીક્ષણ દ્વારા તેઓએ અજબ રીતે પોતાનું આત્મઘડતર જાતે જ કર્યું. આમાં પૂર્વજન્મના સંસ્કારોએ પુષ્ટિ આપી. બહુ જ નાનપણથી તેઓએ એક સિદ્ધાંત અપનાવી લીધેલ કે, "સારું એટલું મારું !" અને આ સિદ્ધાંતે તેમને એટલી બધી ઉત્તમતા અર્પી કે તેઓ સહુના અતિશય આદરપાત્ર બની ગયા.

બીજી એક અસામાન્ય વાત. નાની વયનાં બાળકોને ઓરફ્નેજમાં જે કડક શિસ્તનું પાલન કરાવવામાં આવતું તેની વિપરિત અસર બાળમાનસો પર થતી જણાતી. પરંતુ શરૂથી જ તેઓએ જીવનમાં હકારાત્મક દૃષ્ટિકોણ (Positive Attitude) અપનાવેલ, તેથી શિસ્તની તે આદતો ને સ્વાલંબીપણાના બોધપાઠ, સાધક દશામાં હિમાલય નિવાસના એકાંતવાસમાં ખૂબ સહાયરૂપ બની; જે જોઇને દંગ રહી જવાય એવી આત્મનિર્ભરતા, ચોક્કસતા, સ્વાશ્રયીપણું, સાદાઇ અને કરકસર સાથે સ્વચ્છતાના ગુણોના સંગમે એક અદ્‌ભુત વિરાટ્ વ્યક્તિત્વનું સર્જન તેઓમાં થયું.

સાધક હોય, સિદ્ધ કે અવતાર હોય, કે પછી ભગવાન હોય, પરંતુ દરેક સ્વરૂપમાં પ્રચ્છન્નરૂપે તો એક વ્યક્તિ રહેલી હોય છે. એ રીતે જોઇએ તો શ્રી યોગેશ્વરજી એક સર્વોત્તમ વ્યક્તિ હતા. આવી વ્યક્તિઓમાં અપેક્ષિત સંસ્કારિતા, સુઘડતા, પ્રામાણિકતા, પવિત્રતા એમના જીવનમાં એવાં સહજ રીતે વણાઇ ગયાં હતાં કે જાણે તેમના વ્યક્તિત્વના આ ગુણો પર્યાય બની ગયા હતા. અને, આ બધું હોવા છતાં એમનામાં નમ્રતા અને નિરાભિમાનપણું–ગજબનું હતું. ગર્વ કે અહંકાર કદી એમને સ્પર્શ્યાં જ નહિ. એ એક આદર્શ વ્યક્તિ બની રહ્યા.

એમનામાં પ્રેમનો ગુણ પણ ગજબનો હતો તેઓ નિર્વ્યાજ પ્રેમી હતા. કદી તેમને કોઇની પાસે કશાની અપેક્ષા ન હતી. અને છતાં તેઓ આબાલ વૃદ્ધ સહુપર ભરપૂર પ્રેમ વરસાવતા રહ્યા. એક માત્ર પ્રભુને જ વરેલો એમનો એ પ્રેમ–પ્રભુની સૃષ્ટિના સહુ સર્જન પ્રત્યે એટલી જ ઉત્કટતાથી વરસતો જ રહ્યો. એટલે એમના પરિચયમાં આવનાર વ્યક્તિ આજે પણ એ પ્રેમની તાજગી અનુભવી શકે છે.

ધીર ગંભીર આ યોગીપુરુષમાં રમૂજીપણું પણ ભારોભાર ભરેલું હતું. એ આપણને તેમના વાર્તાલાપોમાં અને સંવાદોમાં અને પ્રવચનોમાં અનેકવાર જોવા મળે છે. આવા પુરુષ ઉત્તમ વ્યક્તિ હોવાને નાતે ગુરુ તરીકે આપણું સહજમાં મન મોહી લે છે. અને મને એ વાતનો આનંદ છે કે એમના સંસર્ગમાં આવનાર દરેક વ્યક્તિ ઉપર એમના એકાદ ગુણે જાણેઅજાણે અસર કરી જ છે અને તેમનું જીવનવન તે સદ્‌ગુણોના ચંદનવૃક્ષથી મહેંકી ઊઠયું છે.

સંત તરીકે યોગેશ્વરજી આદર્શ સંત છે. આ રીતે જનસમાજમાં પ્રચલિત સંત તરીકે ઓળખાતી વ્યક્તિઓમાં અને યોગેશ્વરજીમાં આપણને આસમાન જમીનનું અંતર સહજે દેખાઇ આવે છે. સંત તરીકે તેમણે સમાજને દેવ તરીકે સ્વીકાર્યો. જે જનસમાજ પાસેથી આપણે કંઇ લીધું છે, તેને કંઇક દેવું ઘટે જ અને એટલે જીવનનો અને દિનચર્યાનો ઘણો મોટો ભાગ તેમણે આધ્યાત્મિક સાહિત્યના સર્જનને તથા પ્રવચનોને સમર્પી દીધો. એ સાહિત્ય તે તેમણે જગતને આપેલી ઉત્તમ ભેટ છે.

સંત ત્યાગ કરે, વૈરાગ્ય અપનાવે પણ બહુ જ ઓછાઓમાં



આપણને સાધનાની પરિપાટી અને અનુભૂતિનું બળ જોવા મળે છે. કિન્તુ આપણા ગુરુદેવમાં તો તે મુખ્ય અને બીજું બધું ગૌણ હતું, તેવું અનુભવાય છે. સંત સમાજને લાગેલી સંગ્રાહક વૃત્તિ–પરિગ્રહતા, તેમણે પોતાનાથી સોગાઉ દૂર રાખી હતી. આ રીતે ફળ, પુષ્પ લઇ આવનાર ભક્તોને પણ કહેતા, "ભાઇ, આવો ખોટો ખર્ચ ન કરો. કોઇ સંસારી ભેટ ધરે તો હમેશાં એમ કહે, "મારા કરતાં તમારે તેની વધુ જરૂર છે." કોઇક વાર એકાદ રૂપિયો રાખી બાકીના પ્રસાદીરૂપે પાછા આપી દે. આજ વિચારસરણી વિદેશ પ્રવાસોમાં પણ ચાલુ રહી. અને મળેલી કિંમતી ભેટો તેમણે પ્રેમથી પરત કરી દીધી. ક્યારેક ન છૂટકે લેવી પડી તો જે વ્યક્તિઓને તે ઉપયોગી લાગી એવી વ્યક્તિઓને પહોંચાડી દીધી અને એટલે જ તો સત્સંગમાંથી મળેલા ધનનો તેઓશ્રી સસ્તી કિંમતે પુસ્તકો ઉપલબ્ધ કરાવવામાં, સરસ્વતી શીશુમંદિર મસૂરી જેવી શિક્ષણ સંસ્થા સ્થાપવામાં કે વિદ્યાર્થીઓને વ્યક્તિગત શિક્ષણ સહાયમાં મદદરૂપ થઇ શક્યા.

વિદેશમાંથી ધન લાવી આશ્રમ સ્થાપવાનો કે કોઇ નવો સંપ્રદાય ચલાવવાની વાત તેમને જીવનભર સ્પર્શી નહીં. જડચેતનમાં સર્વત્ર તેમણે દેવ જ અનુભવ્યા. નવાં મંદિરો ઊભા કરવાની કે કોઇ આશ્રમો સ્થાપવાની ભાવના તેમનામાં ન હતી. તેમણે તો જીવંત માનવોને જ મંદિર બનાવવાં હતાં અને તેમણે તેમાં ધારી સફળતા પણ મેળવી હતી. વ્યક્તિની વ્યક્તિ તરીકેની ગરિમા તેમણે હમેશાં પોષી છે અને એટલે જ તો તેમણે જીવતાદેવને સેવવાની વાત કરી છે. પ્રતિમામાં રહેલા દેવનું મહત્ત્વ છે જ પણ ગીતામાં કહેલા સિદ્ધાંત પ્રમાણે સર્વમાં રહેલા દેવનું જ દર્શન કરી, તેને સહાય અને પ્રેમ કરવો એ કેટલી મોટી વાત છે!

ચિંતક, વિચારક, વિદ્વાન યોગેશ્વરજી અનન્ય શ્રદ્ધાળુ છે. ઉત્તમ ભક્ત છે પણ તેમનું મૌલિક વિચારકપાણું અને ચિંતકપાણું આપણને અનેક સ્થળે પ્રગટરૂપે દેખા દે છે. રામાયણમાં જે વાનરજાતિની વાતો આવે છે તેને પૂ. શ્રી નાગ જાતિની જેમ મનુષ્યની જ એક જાતિ ગણાવે છે. તો એક વિદ્વાન તરીકે નારદ અને પ્રભુના મોહિની સ્વરૂપને રામાયણનો પ્રસંગ ઔચિત્યભંગ કરનારો હોઈ એક વિચારક તરીકે બહાર કાઢી નાંખે છે. સંસ્કૃત ધર્મગ્રંથોના અભ્યાસ અને પરિશીલને તેમને વિદ્વતા અર્પી અને તે તેઓનાં પાંચ વાક્યો સાંભળનાર કે વાંચનાર તેનાથી સંમત થયા વગર નહીં રહે.

ગદ્ય સાહિત્યનું સર્જન, નવલકથા, નવલિકા, ચિંતનાત્મક લેખો, જીવનકાવ્યો કે જીવનકથાઓનું તેમણે સર્જન કર્યું છે. તો સંસ્કૃતના ગીતા ઉપનિષદ્, યોગદર્શન અને બ્રહ્મસૂત્ર જેવા ગ્રંથો સામાન્ય માનવી પણ સમજી શકે તેવી સરળભાષામાં સમજાવ્યા છે. રામાયણ, મહાભારત જેવાં મહાકાવ્યો, વિષ્ણુસહસ્રનામ, શિવ-મહિમ્ન જેવાં સ્તોત્રો અને અનેક દેવદેવીઓની સ્તુતિઓ તેમણે શ્રદ્ધાળુ ભક્તોને ધરેલું ઉત્તમ નજરાણુ છે. પદ્ય સાહિત્યમાં તો તેમણે પોતાના હૃદયને નીચોવીને મૂકી દીધું છે. પરમાત્મા પરનો તેમનો અસીમ પ્રેમ પદ્ય સાહિત્યમાં મન મૂકીને વરસ્યો છે. સહજ સરળભાષામાં રચાયેલાં પદો તેનું લાલિત્ય, તેની ગેયતા આ બધું તેઓના ઉત્તમભક્ત હૃદયનું પ્રતિબિંબ છે, તેવી પ્રતીતિ કરાવ્યા સિવાય નથી રહેતું.

સાધકમાંથી સિદ્ધ થનાર, હે યોગેશ્વર કરું પ્રણામ સાધનાની શરૂઆતથી એક લપસણો માર્ગ શરૂ થાય છે; અને તે સિદ્ધિઓનો. આ મહાપુરુષ એ ફ્લેગસ્ટેશનો પર ક્યાંય અટક્યા નહીં અને



એટલે જ તે સિદ્ધ થઈ શક્યા. તેમ જ આપણા જેવા અને એ પથ પર ચાલનાર સહુને એક સંદેશો આપતા ગયા. "આ લપસણા માર્ગે ફસાશો નહીં, નહીંતર મુખ્ય ધ્યેય ભૂલાઈ જશે." ભૂત-ભાવિને જાણવાની અનેક સિદ્ધિઓ એ મહાપુરુષને વરેલી હતી. અનેકના દુઃખદર્દોને દૂર કરનારી સિદ્ધિઓને પૂ. શ્રીએ પણ ક્યારેક અજમાવી હતી, ક્યારેક આગાહીઓ પણ કરી હતી; કોઈના સચોટ ભૂતકાળ કહ્યા હતા, તો કોઈના મનહૃદય વાંચી આપ્યાં હતાં. ત્રિભુવનની જાણ આ ત્રિભુવનના નાથને હોય જ ને! પણ આ સિદ્ધપુરુષે જાણવા માગનારને સહજ કહ્યું, પણ તેનો અનુચિત ઉપયોગ ક્યારેય ન કર્યો. જન્મમરણના રહસ્યોને પણ તેમણે પ્રગટ કર્યા હતાં, તો ક્યારેક કોઈના મૃત્યુની સચોટ આગાહીઓ પણ કરેલી. અનેક સિદ્ધો તેમને સહજતાથી મળતા અને તેમના પ્રતિ આદરભાવ અને તેમની તપસ્યા પ્રત્યે અહોભાવ વ્યક્ત કરતા!

વિષ્ણુસહસ્રનામમાં પ્રભુને ગુરુ અને ગુરુત્તમ કહ્યા છે. આ આપણા પ્રભુ ગુરુત્તમ છે. ગુરુનો પ્રચલિત અર્થ છે મોટું અને આ મહાપુરુષની મોટાઈ, ઊંચાઈ તો એવરેસ્ટ જેટલી. આપણી તો આંખ જ ત્યાંસુધી ઊંચી ન થાય. આપણો એમની સાથેનો મુખ્ય સંબંધ ગુરુનો છે અને એક સંબંધે નથી રહ્યા આપણાં માતા, પિતા, મિત્ર, બંધુ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ સર્વ બન્યા છે. આપણે પ્રીતિ રાખી છે તેવું નથી. તેમણે આપણા કરતાં આપણે માટે સવિશેષ પ્રીતિ રાખી છે.

આપણને એ પ્રશ્ન જીવનમાં ક્યારેય નથી નડવાનો કે આ વસ્તુ આપણા ગુરુને ખબર નથી. આ સાધના આપણા ગુરુએ નથી કરી. જેનામાં પોતાનામાં જ ન હોય તે અન્યને શું આપે?

પણ આ મહાપુરુષ જ્ઞાન, ભક્તિ, કર્મ, યોગ એવું એક પણ ક્ષેત્ર નથી જેનું ખેડાણ તેમણે નથી કર્યું અને એ બધું તો આપ્યું એ આપ્યું, પણ એક વિલક્ષણ દૃષ્ટિબિંદુ આપ્યું કે ઈશ્વરના અલપ ઝલપ દર્શન ન ચાલે. સાધના તો એવી કરી કે આપણું ચિન્મય શક્તિ સાથે સતત અનુસંધાન રહે. આપણે સતત એની સાથે અને એની મરજી પ્રમાણે જ જીવીએ અને એ શક્તિને આપણા જીવન-માં જીવંત સ્વરૂપે ઉતારી એના શ્રીવિગ્રહને પળે પળે માણીએ. એની કૃપા અને તેનાં દર્શન એટલે તેનાથી પળમાત્રનો પણ વિયોગ નહીં. ઘડી બે ઘડીનો પ્રકાશ નહીં સતત સૂર્યનારાયણ જ. ત્યાં દિવસ રાત નહીં અને માટે જ તે ગુરુત્તમ. અને માટે જ આવા ગુરુ એ આપણી માટે ઈશ્વરના અવતાર.

આવા ગુરુનું પૃથ્વી પરનું પ્રાકટ્ય આપણે એમણે ચીંધેલા રાહદ્વારા જીવી દીપાવીએ. એ ગુરુને આપણી કેટલી ચિંતા એની સ્થૂળ ગેરહાજરીમાં એના બાળકો ક્યાં જશે તેમની શ્રદ્ધાને બળવત્તર શી રીત રખાશે એ માટે એમણે અનેક કપરી સાધનાઓ કરી દિવ્યશક્તિ માનું અવતરણ કર્યું. એ ચિન્મય શક્તિને અવતારી આપણને સહુને તેને સોંપી અને કહી ગયા, "આ તો મારાં પણ આરાધ્ય છે તમે સહુ પણ આને જ આરાધજો." એક સબળ હાથમાં હાથ સોંપતા ગયા જેનાં મધુર ફળો આપણે સહુ આજે ચાખી રહ્યા છીએ. તે માને આપણા અગણિત પ્રણામ.

આવી વિરલ વિભૂતિના પ્રકટીકરણ માટે પરમાત્માનો ખૂબ ખૂબ આભાર. એમની અસાધારણ ઊંચાઇઓને કોટિ કોટિ પ્રણામ. જન્મજન્માંતરો સુધી એ જ ચરણોનું સેવન. એનું જ દાસત્વ અને એનું જ શિષ્યપણું એવી એમની આ અમૃતજ્યોતિના પર્વ નિમિત્તે પ્રાર્થના. □



# યાત્રા-પરમની સંગાથે-(૩)

સુરેશ શાહ, કેનેડા

**તા. ૨૪, એપ્રિલ-૧૯૯૭, ગુરુવાર, લીટલરોક.**

લીટલરોકમાં પૂ. માના સાન્નિધ્યનો આજે પાંચમો દિવસ છે. પ્રાતઃકાલે આકાશ સ્વચ્છ છે, ખુશનુમા વાતાવરણ છે. આજે સવારે પૂ. માના ઓરડાના બંધદ્વારથી દર્શન કરતાં જ, સૂર્યદેવને અર્ઘ્ય આપતાં પૂ. માના હાસ્યથી મઢેલા મુખનાં દર્શન થાય છે. મનમાં અદ્‌ભુત આનંદ થાય છે. જે તેજનો ભંડાર છે તેવાં પૂ. મા સૂર્યદેવનાં દર્શન કરે છે જાણે બે મહારથી એકબીજાનું અભિ-વાદન કરી રહ્યા છે.

પ્રાર્થનાનું મહત્ત્વ સમજાવતા એક સુવાક્યની સ્મૃતિ થાય છે—

"Call to me, And I will Answer you, and Show you Great and Mighty things, Which you do not know."

કેટલું સનાતન સત્યથી મઢેલું આ વિધાન છે! આપણે પ્રભુને પ્રેમથી પોકારતા જ નથી, તેથી આપણી સમસ્યાઓનો પ્રત્યુત્તર મળતો નથી. અને પરિણામે તે પરમાત્માની મહાન અને શક્તિ-પ્રદાન કરનારી કૃપાથી આપણે વંચિત રહી જઈએ છીએ.

વળી પાછા સવારે ૧૦-૦૦ વાગે પૂ. માનાં દર્શન થાય છે. પૂ. મા આજે આહ્‌લાદક વાતાવરણમાં ખુરશી ઉપર મંત્રજપ કરતાં ખુલ્લા મેદાનમાં પ્રકૃતિને માણતાં દૃશ્યમાન થાય છે.

સવાર, બપોર અને સાંજના નિયમિત સત્સંગની ત્રણ બેઠકો થાય છે. હિમાલયના પત્રો, ભજનો, ધૂનો અને કબીરસાહેબની સાખીનો તેમાં સમાવેશ થાય છે. પૂ. માના મનની સ્થિતિને કલાપીની ઉક્તિ સાથે સરખાવવાનું મન થાય છે.

"જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની"–પૂ. માના સર્વવ્યવહારમાં કેન્દ્રસ્થાને પ્રભુ જ હોય છે.

આજની સાખીના શબ્દો આ પ્રમાણે છે–

"કાગદ લીખે જો કાગદી, કી બવયારી જીવ,
આતમદૃષ્ટિ કહાં લીખે, જીત દેખે તીત પીયું."

સમાજમાં સગાંવહાલાંના સમાચાર જાણવા માટે પત્રવ્યવહારથી ખબરઅંતર પૂછાય છે. આ એક પ્રકારનો વ્યવહાર છે અને સંસારમાં આસક્ત વ્યક્તિ માટેનું તે માધ્યમ છે, જેને નિરાસક્તિ છે, જે નિરામય છે તેઓમાં આત્મદૃષ્ટિ વિકસિત થઇ હોય છે. તેમનું મન પ્રભુમય થઇ ગયું હોય છે. તેમને સર્વત્ર પ્રભુની ઝાંખી થતી હોય છે. સૃષ્ટિના દરેક પદાર્થમાં તેઓને પરમાત્માના પરમતત્ત્વનું દર્શન થતું હોય છે. તેથી તેમને કોઇને પત્ર લખવાના હોતા નથી.

પૂ. માનું મન, સીમિતતામાંથી અસીમતતામાં વિચરે છે, અનંતની યાત્રા કરતાં પૂ. માને હવે કોણ રોકી શકે! પ્રભુપ્રાપ્તિની પગદંડી પર પ્રયાણ કરતાં પૂ. માને અવલોકવાં એ પણ જીવનનું અહોભાગ્ય છે.

આજે પણ પૂ. મા ચાલવા માટે નીકળે છે. નખશીખ સફેદવસ્ત્રોમાં સ્વર્ગની નિહારીકા જેવાં લાગે છે.

પૂ. માની પાછળ ચાલવાનું મન થાય, પણ તેમને અનુસરવાનું મુશ્કેલ છે. પૂ. માની આગળ પણ ના ચલાય, કારણ પૂ. માને દોરી શકવા જેટલી પાત્રતા નથી. પૂ. માની સાથે પણ ના ચલાય. કારણ તેમના જેવું આપણું જીવન નથી. એક જ રસ્તો છે, પૂ. મા આપણા દુર્ગુણોને લક્ષ્યમાં રાખ્યા વગર ઊંચકી લે તો જ આ જન્મ સફળ થાય તેમ લાગે છે.



આજે સાંજની બેઠકમાં પૂ. માની સાધનાકાળની ડાયરીમાંથી સૂરતના મૌનમંદિરમાં, પૂ. મા નવેમ્બર ૧૯૭૪ માં નવ દિવસ માટે બેઠાં હતાં તેના, તેઓશ્રીના અનુભવોનું વાંચન થાય છે. કેવી હિંમત, શ્રદ્ધા અને કેટલો બધો આત્મવિશ્વાસ! પૂ. માએ પોતાના તે વખતના ભાવોનું ખૂબ સરસ વિશ્લેષણ અને વિવરણ તટસ્થભાવે તેમાં કર્યું છે.

પૂ. માનું દર્શન પામવા, તેઓના જીવનને અને સાધનાને સમજવા, હે પરમાત્મા, અમને બળ આપો, પ્રકાશ આપો, પ્રજ્ઞા આપો. હરિઃ ૐ

**તા. ૨૫, એપ્રિલ–૧૯૯૭, શુક્રવાર, લીટલરોક.**

લીટલરોકમાં આજે સાન્નિધ્યની મોજ માણવાનો છઠ્ઠો દિવસ છે. પૂ. મા વિદેશમાં વિચરતાં હોય ત્યારે સૌ ભક્તોને પૂ. માના દર્શનની ઝંખના રહે છે. સૌ પૂ. માને પોતાના શહેરમાં પોતાના ઘરે પધારવા વિનંતિ કરે છે. પૂ. મા ઉપવાસોના લીધે તથા મૌન–એકાંતના સાધનામય જીવનમાં વિક્ષેપ ના પડે માટે જવાનું ટાળે છે. પણ પૂ. મા પ્રેમાળ છે અને તેને લીધે સાધકોના આગ્રહને માન આપે છે.

આજે જ લીટલરોકથી, ફોર્ટસ્મીથ, ફોર્ટસ્મીથથી વીચીતા અને વીચીતાથી, સોની થઇ મેમ્ફીસ જવાનો કાર્યક્રમ નક્કી થાય છે.

સૌને જણાવવામાં આવે છે કે, પૂ. મા મૌનમાં છે અને પૂ. માનું મૌન ચાલુ રહેશે. તેમ છતાં સૌનો આગ્રહ જારી રહે છે અને પૂ. માએ કષ્ટમય પ્રવાસ મોટરમાર્ગે કરવા નિર્ધારિલ છે. પ્રવાસમાં પૂ. મા સાથે શ્રી ઈશ્વરભાઈ પરમાર્થી, મણીબેન, શ્રી રમેશભાઈ અને શારદાબેન, શ્રી લક્ષુભાઈ અને ગુલાબબેન, શ્રી સુરેશભાઈ અને વિમળાબેન, ફોર્ટસ્મીથથી આવેલા શ્રી ગોવિંદભાઈ તથા શ્રી રમેશચંદ્ર અને પરમાર્થીનાં બહેન ગુલાબબેનનો સમાવેશ થાય છે.

આજે પણ પૂ. મા બપોરે ૧૨–૦૦ વાગે ફરવા નીકળે છે, ત્યારબાદ પૂ. મા સૌને હળવી અંગકસરત પણ કરાવે છે. હિમાલયના પત્રોના વાંચન પછી તેની સમીક્ષા કરતાં શ્રી ઈશ્વરભાઈ કબીરસાહેબની એક સાખી ગાઈ સંભળાવે છે જેના શબ્દો નીચે પ્રમાણે છેઃ–

"જબ લગ ભક્તિ સકામ હૈ, તબ તગ નિષ્ફળ સેવ,
કહે કબીર વો ક્યોં મિલે, નિષ્કામી હૈ દેવ"

અર્થાત્ જ્યાંસુધી ભક્તિ સકામ છે એટલે કે પરમાત્મા પાસે વળતરની અપેક્ષા છે ત્યાંસુધી સર્વ સાધના નિષ્ફળ જાય છે. ભક્તની ભગવાન માટેની ભક્તિમાં તીવ્રતા હોય તો ધીમે ધીમે સકામ ભક્તિ પણ પ્રભુકૃપાથી નિષ્કામ બની શકે છે. તદ્દન ભક્તિ ના કરવી તેના કરતાં સકામભક્તિ કરવી સારી ગણાય, કિન્તુ નિષ્કામ ભક્તિ પરમાત્માની પ્રાપ્તિ માટે સર્વોત્તમ છે એમ કબીર સાહેબ જણાવે છે.

પૂ. માની ભક્તિ નિષ્કામ છે તેથી જ ધ્યેયસિદ્ધિ સાહજીક બને છે. પરમાત્માનો અનુગ્રહ થાય છે અને પરિણામે આત્મોન્નતિની દિવ્ય અનુભૂતિઓ પણ થતી રહે છે. આત્મામાં



રહેલી દિવ્યતા પ્રકટ થાય છે. તેના પરિણામે પરમ તેજની આભા તેમની ચોપાસ પ્રસરી રહે છે. ચિત્તની શુદ્ધિ સાથે એકાગ્રતા થાય ત્યારે જ મન શાંત ને નિષ્કામ થાય છે. સર્વસમર્પણભાવ તે માટે અતિશય જરૂરી છે.

મનની સંસાર તરફની ગતિ છે તેને પ્રભુ તરફ વાળવી તેને આધ્યાત્મિકતા કહેવામાં આવે છે.

આજે સાંજની બેઠકમાં લીટલરોકના બીજા સાધકો કે જેઓ યજમાન પરિવાર સાથે સંકળાએલા છે તે પણ સત્સંગની બેઠકમાં જોડાય છે. પૂ. શ્રીનો પરિચય તથા પૂ. માની સાધના અને મૌનવ્રત તેમ જ ઉપવાસ વિષેના વાર્તાલાપ પછી શ્રી ઈશ્વરભાઈ, હિમાલયના પત્ર "જીવનની સાર્થકતા" ઉપર વિવેચન કરે છે. શ્રીમદ્‌ગીતા અને કબીરસાહેબની સાખીનો સંદર્ભ આપીને વિસ્તારથી જીવનની સાર્થકતાના ગહન વિષયને સમજાવે છે.

"વંદન કરું પ્રભુ ચરણોમાં આજે", સૂતી વખતની પ્રાર્થના સૌ ગાય છે. પૂ. મા પણ હાથ જોડી પ્રાર્થનાના પવિત્ર ભાવોને અંતરમાં ધારે છે.

પૂ. માનાં દર્શન કરતાં મનમાં થાય છે કે–

હે મા,

* અમને તને સમજવાની શક્તિ પ્રદાન કરજે.
* તારા જેવી ગુરુભક્તિ આપજે.
* તારા જેવી શ્રદ્ધા આપજે.
* તારા જેવું સમર્પણ આપજે.
* તારા જેવી સમજ આપજે.

* તારા જેવી સહનશક્તિ આપજે.

* તારા જેવી આત્મિયતા આપજે.

આવતીકાલે લીટલરોકથી ફોર્ટસ્મીથ પ્રસ્થાન કરવાનું છે. હરિઃ ૐ

**તા. ૨૬, એપ્રિલ-૧૯૯૭, શનિવાર, લીટલરોક/ફોર્ટસ્મીથ.**

આજે પ્રાતઃકાળે આકાશમાં મુક્તપણે વિહરતાં પક્ષીઓના મધુરગાનથી જાગી જવાય છે. રૂમનો દરવાજો ઊઘાડી નીલા આકાશમાં એક જ હરોળમાં ઊડતાં પક્ષીઓ જાણે કે માનવ-જાતને સંદેશો આપે છે કે તમે સૌ ખભેખભો મીલાવી, હાથમાં હાથ મિલાવી કામ કરો તો કોઇ કાર્ય અશક્ય નથી. સંપ, સહકાર અને પરસ્પર સમજ કેળવવાનો અનુરોધ જાણે આ પક્ષીઓ માનવજાતને આપી રહેલાં જણાય છે.

આજે લીટલરોક (Littlerock)થી ફોર્ટસ્મીથ (Fortsmith) લગભગ ૨૦૦ માઇલનો પ્રવાસ કરવાનો છે. પૂ. શ્રી અને પૂ. માની બાવની સૌ પ્રાર્થનાખંડમાં ગાય છે. ત્યારબાદ "જય જય જય ગુરુદેવની શક્તિ, વંદુ પુનિત પ્રભાતે... આરતી ગવાય છે. પૂ. મા બરોબર ૯-૦૦ વાગે પધારે છે.

"યાત્રાના આરંભે કરીએ પ્રાર્થના,
સાથી બનજો યોગેશ્વર પરમાત્મા.
સર્વ દેવ દેવી અનુકૂળતા આપજો,
યોગેશ્વર પ્રભુ સઘળાં બંધન કાપજો.
જીવનની મંગલયાત્રામાં પધારજો,
સુખશાંતિ સંતોષની મૂડી વધારજો.
નિદ્રા, આળસ, ક્રોધ ને થાક હઠાવજો,
સંસારી બંધનને સહેજે ભૂલાવજો.



ગૃહસ્થીઓને સજ્જન સાચા બનાવજો,
ઉદારતા વળી પવિત્રતાને વધારજો.
પરમાનંદે સૌને મગ્ન બનાવજો,
સૌને આપના શ્રીચરણોમાં રાખજો.
હરિના સ્મરણે સૌને મસ્ત બનાવજો,
જીવનયાત્રા પૂર્ણપણે શણગારજો.
સર્વેશ્વરીની વિનંતી પ્રેમે સ્વીકારજો,
જીવનયાત્રા સૌની સફળ બનાવજો."

પૂ. મા પણ બે હાથ જોડી પ્રાર્થના કરે છે. કેવા શુદ્ધ ભાવો અને કેટલું સરસ આત્મનિવેદન આ પ્રાર્થનામાં રહેલું છે, જીવનયાત્રા સૌની સફળ બનાવવા માટે પૂ. યોગેશ્વરજીને પરમાત્મા માની યાત્રામાં સાથી બનવા વિનંતિ કરાઇ છે. હવે યજમાન પરિવાર પૂ. માનું તિલક કરી અભિવાદન કરે છે. વિદાય આપે છે. યજમાનના મનના વિષાદમય ભાવોની પ્રતીતિ તેઓની આંખના અશ્રુ કરાવે છે. સૌ ભક્તોનું પણ કુમકુમના ચાંલ્લાથી અભિવાદન થાય છે. વિદાયની વેળા હૈયાને કોરી ખાય છે.

પૂ. મા અને શ્રી ઈશ્વરભાઇ, ફોર્ટસ્મીથથી પધારેલા યજમાન શ્રી ગોવિંદભાઇની મોટરમાં સ્થાન લે છે, તેની પાછળ બીજી બે મોટરો સાધકોને લઇને પ્રવાસમાં જોડાય છે. આજે વરસાદ છે. ઠંડો પવન પણ ફૂંકાય છે. લગભગ ૧૨-૩૦ વાગે શ્રી ગોવિંદ-ભાઇની મોટેલ ઉપર પૂ. મા પધારે છે. પ્રવેશદ્વારે રંજનબેન અને બે બાલીકાઓવડે માથા ઉપર કળશ રાખીને પૂ. માનું સ્વાગત થાય છે. ખૂબ જ સુંદર રીતે સજાવેલો એ ઓરડો યજમાન પરિવારના પૂ. મા પ્રત્યેના પ્રેમનો પ્રતિઘોષ પાડે છે. પુષ્પમાળા, પુષ્પો, ચંદન અને આરતીથી પૂ. માનું સ્વાગત થાય છે.

અમૃતની વર્ષા પૂ. માના આગમનથી થઇ અને અડસઠ તીર્થોનાં દર્શન કર્યાં તેવો ભાવપ્રદર્શિત કરતું ગીત ગાવામાં આવે છે. પૂ. મા એક ભજન ગાવાની તેમ જ એક સાખી કહેવા આજ્ઞા કરે છે.—સાખીના શબ્દો છે—

"સતનામ્ કડુવા લગે, મીઠાલાગે દામ,
દુબિદા મેં દોનો ગયે, માયા મીલી, ના રામ."

સાખીની સમજ આપતાં શ્રી પરમાર્થી જણાવે છે કે, સંસારમાં બધા જીવોને માલ, મિલ્કત કમાવવા ગમે છે, પરમાત્માનું નામસ્મરણ કડવું લાગે છે. અર્થાત્ તેને માટે પૂરતો સમય નથી અપાતો, પરિણામે દ્વિધામાં બંનેમાંથી એકનો પણ ઉપભોગ જીવ કરી શકતો નથી, નથી માયા ભોગવાતી કે નથી શ્રીરામનાં દર્શન થતાં. પૂ. મા જેવા વિતરાગી જીવો જ જીવનનું સાર્થક્ય સમજી પોતાની તમામ શક્તિઓને પ્રભુપ્રાપ્તિમાં જોડી, આત્મદર્શન કરી જીવનને ધન્ય બનાવી શકે છે. હાજર રહેલા બાળકોની સમજ માટે અંગ્રેજીમાં તેનો અનુવાદ કરવામાં આવે છે અને પૂ. મા બાળકોને સવારસાંજ પ્રાર્થના કરવા, મંત્રજપ નિયમિત રીતે કરવા, પોતાના માતાપિતાની આજ્ઞાનું પાલન કરવા તથા પથ્યાપથ્યનો નિયમ જાળવવા સૂચના આપે છે. પૂ. માનું વિચરણનું મુખ્ય કારણ પણ આજ જણાય છે.

બપોરે ૩—૦૦ થી ૫—૦૦ મોટેલના હોલમાં પૂ. માનો જાહેર કાર્યક્રમ છે. ભજનો, ધૂનો, મંત્રગાન અને પૂ. મા માટેના ભાવો રજૂ કરતાં એક બે વક્તવ્યો થાય છે. પૂ. મા, પ્રભુના સ્વરૂપ સાથે ૪—૦૦ વાગે હોલમાં પધારે છે. સૌને પ્રણામ કરી પૂ. મા બિરાજે છે. મંત્રજપ ચાલુ જ છે. વચ્ચે વચ્ચે પૂ. મા આંખ ઊઘાડે છે.



મોટા ભાગના સમયમાં બંધ આંખે પૂ. મા મુખના ભાવોને બોલતા કરે છે.

શ્રી ઈશ્વરભાઇનું મનનીય પ્રવચન અવતારી પુરુષો, સંતો ઉપર સાંભળવા સૌને મળે છે. પૂ. યોગેશ્વરજીની દેવપ્રયાગના "શાંતાશ્રમ"ની કુટિયાનો ઉલ્લેખ થાય છે. શ્રીમદ્ રાજચંદ્રના પૂર્વજન્મના અતિપ્રબળ સંસ્કારોનું ઉચ્ચારણ થાય છે. "અવતાર" શબ્દને સમજાવતા તેઓ જણાવે છે કે અવતૃ ધાતુથી અવ + તૃ ધાતુથી અવતાર શબ્દ બન્યો છે. અવતાર એટલે નીચે આવવું, પૃથ્વી ઉપર દેહ ધારણ કરવો. "ભગવાન"નો અર્થ સમજાવતાં તેઓ જણાવે છે કે જેનામાં છ ગુણ હોય તેને ભગવાન કહે છે. જેમાં મનુસ્મૃતિના આધારે ઐશ્વર્ય (ઈશ્વરના ગુણોવાળા) ધર્મ, લક્ષ્મી, વૈરાગ્ય, યશ અને જ્ઞાનનો સમાવેશ થાય છે. પૂ. મા આ સર્વ ગુણો ધારણ કરે છે તેમ જણાવી પોતાનું વક્તવ્ય પૂર્ણ કરે છે. સૌ મહાપ્રસાદ લઇ છૂટા પડે છે. આવતીકાલે ફોર્ટસ્મીથથી પ્રસ્થાન થશે. હરિઃ ૐ

**તા. ૨૭, એપ્રિલ–૧૯૯૭, રવિવાર, ફોર્ટસ્મીથ/વીચીટા.**

આજે Fortsmithથી Wichita જવા સવારે ૯—૦૦ વાગે પ્રસ્થાન થાય છે. સંગ તેવો રંગ નીકળતાં પહેલાં પૂ. શ્રી અને પૂ. માની બાવની ગવાય છે. "જય જય જય ગુરુદેવની શક્તિ, વંદુ પુનિત પ્રભાતે," પ્રાર્થના થાય છે. યજમાન પરિવાર પૂ. માને પ્રણામ કરી પુષ્પો અર્પણ કરે છે. પોતાને આંગણે આવેલા સંતને વિદાય આપતાં હૈયું ભરાઇ આવે છે અને તેમના હૃદયમાં અંકિત થએલા ભાવો ચહેરા ઉપર સ્પષ્ટ વર્તાય છે.

પ્રસ્થાન પહેલાં "યાત્રાના આરંભે કરીએ પ્રાર્થના" ગવાય છે.

પૂ. મા પંદર પ્રણામ કરે છે. આજે પૂ. માને નિર્જળા વ્રત છે. પૂ. મા ખૂબ જ પ્રસન્ન છે, સૌને પ્રસાદ પૂ. મા આપે છે અને યજમાન દંપતિ શ્રી ગોવિંદભાઇ અને રંજનબેનને લઇ પૂ. માની મોટર ને બીજી ત્રણ મોટરો માર્ગ ઉપર અનુસરે છે. થોડી જ વારમાં Arkansas સ્ટેટમાંથી અમે Oklahoma સ્ટેટમાં પ્રવેશીએ છીએ. "Discover the Excellence," રાજ્યની સરહદ ઉપરની નિશાની વાંચવામાં આવે છે. જાણે પૂ. મા દ્વારા સૌને સંદેશો મળે છે કે સાધના કરો, જીવનનું ધ્યેય સમજો, પ્રભુપ્રાપ્તિના લક્ષને વળગી રહો, સંસારમાં અલિપ્ત રહો અને પરમપિતા, પરમેશ્વરની (Excellence)ની પ્રાપ્તિ કરો.

કલાકના ૭૫ થી ૮૦ માઇલની ઝડપે જતી મોટરો સપાટ સડકો ઉપર વૃક્ષની વનરાજીઓ, લીલાંછમ ખેતરો અને પર્વતીય પ્રદેશનું દર્શન કરાવે છે. પૂ. માને આજે નિર્જળાવ્રત છે પણ સૌની સગવડનો પૂ. મા વિચાર કરે છે. જ્યાં રેસ્ટરૂમ માટે રોકાણ થાય ત્યાં સ્લેટ ઉપર લખી સૌને વિનોદ કરાવે છે. સૌને હળવા કરે છે. Oklahama સ્ટેટમાંથી Wichita આવવા અમે Kansas સ્ટેટમાં પ્રવેશીએ છીએ. પાંચ કલાકમાં લગભગ ૩૫૦ માઇલનો પ્રવાસ થાય છે. સવારના ૯–૦૦ વાગે ફોર્ટસ્મીથથી નીકળેલા સૌ બપોરે ૨–૦૦ વાગે વીચીટામાં શ્રી રમેશભાઇ અને શાંતાબેનની મોટેલ ઉપર આવે છે. પ્રવેશદ્વારે રાહ જોતા સૌ પૂ. માનું અભિવાદન કરે છે.

પૂ. મા હીંચકા ઉપર સ્થાન લે છે. ખૂબ જ ભાવવાહી સ્વરમાં પૂ. મા રચિત ભજન–

"જીવન વાટે મળ્યા રે મુરારિ,
જીવન તેને ધરીએ રે.



એ તો દર્શન કરે નીત બ્રહ્મનાં,
પોતે બની ગયાં બ્રહ્મસ્વરૂપ..."

–ગાય છે. પરિવારના સભ્યો પૂ. માનું પુષ્પથી સ્વાગત કરે છે. આરતી પૂ. શ્રીની સૌ ગાય છે. શ્રી ઈશ્વરભાઇ પરમાર્થી એક સાખી ગાય છે. જેનાં શબ્દો છે–

"મન બૈરાગી માયાત્યાગી, શબ્દમેં સુરત સમાઇ,
કહે કબીર સુનો ભાઇ સાધુ, યહ ગત બિરલે પાઇ."

અર્થાત્ પૂ. માના જીવનનું દૃષ્ટાંત આપતાં તેઓશ્રી સૌને જણાવે છે કે પૂ. માએ માયાનો ત્યાગ કર્યો છે, મન વૈરાગ્યથી ભરી દીધું છે પરિણામે પોતાના આત્મામાં સુરતાને જોડી દીધી છે, આવી અલિપ્તતા, આવું નિર્મળ, પ્રભુમય જીવન, સમાજની વચ્ચે રહીને બહુ વિરલ વ્યક્તિઓ જીવી શકે છે, પૂ. મા એવો દિવ્યાત્મા છે જે પરમસુખનો આનંદ પ્રાપ્ત કરે છે અને સૌને પ્રભુપ્રત્યે અનુરાગ જગાડે છે.

બપોરે ૪–૧૫ વાગે વીનફીલ્ડથી વીચીટા જાહેર કાર્યક્રમ માટે જવાનું થાય છે. લગભગ એક કલાકના મોટરમાર્ગે હોલના પ્રવેશદ્વારે સૌ પહોંચે છે. મુખ્યત્વે રામકબીર સમાજના ભક્તો પૂ. માને સત્કારે છે, સુંદર સજાવેલા હોલની વ્યાસપીઠ ઉપર પૂ. મા બિરાજે છે. યજમાન શ્રી રમેશભાઇ પૂ. માનું સ્વાગત કરે છે. શ્રી ઈશ્વરભાઇ, સમાજના પ્રતિનિધિ તરીકે સ્વાગત પ્રવચન કરે છે. પૂ. શ્રી પૂ. માની બાજુની બેઠક ઉપર છે.

પૂ. માને મૌન છે. પૂ. માએ ગાએલું અને શ્રી બ્રહ્માનંદજી રચિત ભજન ઓડીઓ કેસેટ ઉપર ગવાય છે.

"દિલાદે ભીખ દર્શનકી, પ્રભુ તેરા ભિખારી હું."–જાણે કે સૌને પૂ. માનો કંઠ અને ભજનની મસ્તી માણવા મળે છે. શ્રી

પરમાર્થી એક કલાકનું મનનીય પ્રવચન આપે છે. કબીરસાહેબની સાખી અને પૂ. માના વર્તમાન આધ્યાત્મિક જીવનનો પરિચય અને પૂ. શ્રીની સાધનાનો વૃત્તાંત સૌને અસ્ખલિતપણે સમજાવે છે. તેઓ સંતોના પ્રણાલિકાગત સ્વાગતથી પ્રભાવિત થાય છે અને ભારતીય સંસ્કૃતિનો વારસો વિદેશમાં પણ જાળવી રાખ્યાનો સંતોષ વ્યક્ત કરે છે.

પૂ. માના મૌનને મહાવાણી તરીકે વર્ણવી જણાવે છે કે મૌનદ્વારા સંશયો છેદાય છે. સાધુ, સાધના અને સાધુત્વનો મહિમા અને અર્થ પણ સૌને સમજાવે છે. આત્મા અનંતશક્તિનો ભંડાર છે તેમ પૂ. માના જીવનથી સમજાય છે. પૂ. શ્રી કે જેમને પૂ. મા પોતાના સમર્થ સ્વામી અને સદ્‌ગુરુ ગણે છે તેમના દ્વારા પૂ. માને દિવ્યદીક્ષા આપવામાં આવી તેનો પણ ઉલ્લેખ થાય છે. સદ્‌ગુરુ પોતાના શિષ્યને સ્પર્શ, સંકલ્પ અને સ્વપ્નદર્શનથી પોતાની શક્તિ પ્રદાન કરે છે તેની પણ છણાવટ થાય છે.

ઈશ્વરભાઈ પરમાર્થીના પ્રવચન પછી શ્રીમતિ ગુલાબબેન, મેમ્ફીસ, કે જેઓ પૂ. માને સવિશેષ ભાવથી જુએ છે તેઓ પણ પોતાનું વક્તવ્ય રજૂ કરે છે. ખૂબ જ ભાવથી પૂ. માના આધ્યાત્મિક વૈભવનો–ઐશ્વર્યનો તેઓ સૌને ખ્યાલ આપે છે. શ્રી સુરેશભાઈ શાહ પૂ. શ્રીના સાન્નિધ્યનો અને પૂ. માના આધ્યાત્મિક જીવનનાં વિશિષ્ટ પાસાઓનું વર્ણન કરે છે. બાળકો માટે અંગ્રેજીમાં પણ તેઓ વાર્તાલાપ આપે છે. પૂ. માને ઊગતી પેઢીમાં સંસ્કારોના જતનની વધુ ચિંતા છે તે દોહરાવાય છે. અંતે આભારવિધિ થાય છે. કાર્યક્રમ ૫–૧૫ થી ૭–૪૫ સુધી ચાલે છે. સૌ મહાપ્રસાદ લઈ છૂટા પડે છે–પૂ. મા ૧૧–૦૦ વાગે ઉતારા પર આવે છે. સૌ આરામ કરે છે. હરિઃ ૐ □

## વૃક્ષ માટીનું ...
## માતા સમાન ધરતીનું
## રક્ષણ કરે છે

ફળદ્રુપ જમીનમાં ઉપરનું માત્ર દસ કે પંદર સેન્ટીમીટરનું જે પડ છે તેમાં માતાનાં ગર્ભ જેવી શક્તિ છે. પૃથ્વી પર અબજો વર્ષોની ઊથલપાથલ અને ઉત્ક્રાંતિ પછી બનેલું ફળદ્રુપ માટીનું આ સ્તર છે. તેમાં બી રોપતાં જ આ માટી સમૃધ્ધ ફસલ આપે છે.

વૃક્ષો માટીનું આ બંધારણ જકડી રાખે છે, જાળવી રાખે છે. જો વૃક્ષો ન હોય તો વરસાદથી આ માટી ધોવાઈ જાય અને નદીઓમાં કાંપ ઠલવાતો જાય અને નદીઓ પૂરાતી જાય. આવી નદીઓ રકાબી જેવી છીછરી બની જાય છે અને પરિણામે થોડોક વરસાદ પડતાં જ આ નદીઓમાં પૂર આવે છે કારણ પાણી કિનારાઓ તોડી ચોમેર ફેલાવા માંડે છે.

ફળદ્રુપ માટી કોઈ કારખાનામાં બની શકે નહિ. તે આયાત થઈ શકે નહિ. દસ કે પંદર સેન્ટીમીટરનું અતિ સમૃધ્ધ, ફળદ્રુપ અને માતાના ગર્ભ જેવું આ પડ એક વાર ધોવાઈ જાય એટલે વાસ્તવમાં તો રાષ્ટ્રની સંપત્તિનો નાશ થાય છે. માટીનો વિનાશ એટલે રાષ્ટ્રનો વિનાશ.

આંખે નહિ દેખાતી આ પાયમાલી રોકવાનો કુદરતે આપેલો એક જ ઈલાજ છે —
વૃક્ષ......

વૃક્ષોનું જતન એટલે માટીનું જતન એટલે આપણા રાષ્ટ્રની સંપત્તિનું જતન.



- શંકરસિંહ વાઘેલા
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય.

# THE ESSENCE OF MAA

Reena Parikh, Toronto-Canada

Maa, which means mother is creation and knowledge eternal.

She lays as close to nature as she is the creator not only of earth but also of man.

She knows and holds all paths to true wisdom, as she has not only observed her own life but also the life of others.

She guides us from our birth and rears us into adulthood.

She passes on to us the reason and discipline needed to survive in this world.

Whe gives us wannth, love, compassion, and care.

We look to her for understanding, we look to her for help.

We look to her for her unending support in our endeavors and her sympathy for our failures.

She is the flame eternal, timeless, the light of our inner soul.

For she is the true essence of whom we call MOTHER.

# માતૃશક્તિનું સારતત્ત્વ

અનુવાદ : તંત્રી

આપણાં આ મા એ જ જગદંબા જે સૃષ્ટિ, સર્જનશક્તિ અને સનાતન જ્ઞાનની ચિતિશક્તિ છે.

તે પૃથ્વીની રચયિતા અને માનવચેતનાની સર્જક હોવા છતાં પ્રકૃતિમાં ગુપ્તપણે વસી રહ્યાં છે.

સાચા જ્ઞાનના પંથે દોરી જતા સર્વ જ્ઞાત માર્ગોની તે જ્ઞાતા છે ને તે પર તે આધિપત્ય ધરાવે છે. આ જ્ઞાન તેણે (પોતાની સાધના દ્વારા) પોતાના અને બીજાઓનાં જીવનના અવલોકનમાંથી પ્રાપ્ત કર્યું છે.

આપણને તે આપણા જન્મના પ્રારંભથી જ પુખ્તતા સુધી પહોંચાડે છે.

આ સૃષ્ટિમાં જન્મીને તેમાં કેવી રીતે ટકી રહેવું તે માટેનું આવશ્યક જ્ઞાન અને જરૂરી શિસ્ત આપણને તે જ ભાન કરાવે છે.

જીવનના સંઘર્ષમાં આજ મા આપણને જરૂરી હૂંફ, પ્રેમ, કરુણા, અને કાળજી પૂરાં પાડે છે.

એથી જ આપણે તેના પ્રત્યે સમજ અને સહાય પ્રાપ્ત કરવા વળીએ છીએ. (એથી જ) આપણા પ્રયત્નોમાં તેની સતત સહાયની અને નિષ્ફળતાઓમાં તેની સહાનુભૂતિની અપેક્ષા સેવીએ છીએ.

તે કાલાતીત સનાતન જ્યોત હોઈ, આપણી આંતરિક ચેતનાના પ્રકાશનું સાકાર સ્વરૂપ છે.

કારણ તે માતૃશક્તિના મહિમાનું સારતત્ત્વ છે.

# શ્રીગંગાલહરી-(૪)

સંસ્કૃતમાં : પંડિત જગન્નાથ
ભાવાનુવાદ : શ્રી પરમાર્થી

(અંતિમ વિભાગ)

૪૬

શિશુ અવસ્થામહીં હે જનેતા,
કીધું હતું મેં પયપાન તારું!
કુસંગ થાતા વિષયે ભ્રમાયો,
અશાંતિમાં શ્રેય થયું ન મારું!
ગોદે ભરાયો અવ થાકી થાકી,
પોઢાડ માડી ચિર શાંત રાખી.

૪૭

ઉદ્ધારવા કાળજી લો હવે મા,
નાગો વડે દે મજબૂત બાંધી!
મુકુટમાં બાલ શશી ખરાબ,
નાશી જશે બ્હાનુ કરી ઉપાધિ!
આ છે જગન્નાથની વેળ આખરી,
હે દેવમાતા, તક ના મળે ફરી!

૪૮

બિરાજતી તું મગરે ચતુર્ભુજ,
સફેદ આભૂષણથી સુસજ્જ!
છે શારદીપૂર્ણ શશી સમાન,
શ્રી અંગ તારું શુચિશ્વેત સુંદર!
તેનું કરો જીવ સદૈવ ધ્યાન,
ને મેળવો નિર્ભયતાનું દાન!



૪૯

દાવાનલે તમ જીવો કરે તું,
સુધા સ્વરૂપી સ્મિતથી પ્રસન્ન!
જાણે ચમત્કારથી ચંદ્રિકાના,
સુખી બને શીતલ જીવ ભ્રાન્ત!
હે માત! હે શાન્તનુ સ્ત્રી પવિત્ર!
કલ્યાણ મારું કરજે અનંત!

૫૦

સંસારનો સર્પ ડસ્યો મને અરે,
બન્યા નકામા સુર, મંત્ર, જંત્ર,
શક્યા ઉતારી વિષ ગારુડી ના,
તમે જ છો એક હવે સમર્થ :
વિષ્ણુપદી, કાલિયનાથનારા,
શ્રીપાદ પ્રક્ષાલન કૃષ્ણના કર્યા!

૫૧

હાર્યા દ્યૂતે શંકર, હોડમાં મૂક્યા :
નંદી, બધા સેવક, ચર્મ, ચંદ્રમા–
ને પાર્વતીનો કરતાં વિચાર :
સ્મિતે નિહાળે ગિરિજા કટાક્ષમાં!
તરંગ ઊઠયાં ખખળી વિચિત્ર,
એ તાંડવી નૃત્ય કરો પવિત્ર!

૫૨

અનંગ શત્રુ શિર શોભતી જે,
પીડા કરો સત્વર દૂર સૌની!
મનોહરા ચંચલ વીચિઓથી
ગંગા કરો પાવન અંગ મારું!

૫૩

જગન્નાથે રચેલી આ, પિયૂષલહરી પઢે,
સર્વત્ર પ્રાપ્ત તેને છે સદૈવ સુખ સંપદા!

# અરુણાચલની તળેટીમાં પોલ બ્રન્ટન

મૂળ લેખક : પોલ બ્રન્ટન
અનુવાદ : યોગેશ્વર

'અરુણાચલ! પવિત્ર લાલ પર્વત!' મારી દૃષ્ટિની દિશાને લક્ષમાં લઇને મારા સાથીદારે ઉદ્‌ગાર કાઢ્યા. એમના વદન પર સન્માનની ઉજ્જ્વળ રેખા ફરી વળી. કોઇક મધ્યકાલીન સંતની પેઠે કામચલાઉ વખતને માટે એ જાણે કે ભાવસમાધિમાં ડૂબી ગયા.

'એ નામનો કોઇ અર્થ છે ખરો?' મેં એમને પ્રશ્ન કર્યો.

'એનો અર્થ મેં તમને હમણાં જ કહી બતાવ્યો.' એમણે સસ્મિત ઉત્તર આપ્યો : 'અરુણાચલમાં અરુણ અને અચલ નામના બે શબ્દો છે. એમનો અર્થ લાલ પર્વત થાય છે. અને મંદિરના મુખ્ય દેવતાનું નામ પણ એ જ હોવાથી, એનો પૂરો અર્થ પવિત્ર લાલ પર્વત એવો કરવાનો છે.'

'તો પછી પવિત્ર દેવતાની વાત ક્યાંથી આવી?'

'મંદિરના પૂજારીઓ વરસમાં એક વાર મોટો ઉત્સવ કરે છે. મંદિરમાં એ ઉત્સવ કરવામાં આવે છે ત્યારે, એ વખતે પર્વતની ટોચ પર અગ્નિ જગાવવામાં આવે છે. એની જ્વાળામાં કપૂર તથા માખણનો મોટો જથ્થો નાંખવામાં આવે છે. એ દિવસો સુધી બળ્યા કરે છે અને ફરતા કેટલાય માઇલોથી જોઇ શકાય છે. એને જોનાર તરત જ એને પ્રણામ કરે છે. એના પરથી એવી પ્રતીતિ થાય છે કે આ પર્વતની જગ્યા પવિત્ર છે, અને એમાં કોઇ મહાન દેવતા વાસ કરે છે.'



ટેકરી હવે અમારા મસ્તક પર આવી પહોંચી. લાલ, ભૂખરા ને રાખોડી રંગવાળું એ એકાંત પર્વતશિખર પોતાના મસ્તકને આકાશમાં હજારો ફીટ ઉપર ઊઠાવીને કૈંક અસભ્ય રીતે વૈભવી બનીને ઊભું હતું. સાધુપુરુષના શબ્દોની મારા પર અસર થવાથી કે કોઇ બીજા કારણથી, એ પવિત્ર પર્વતના ચિત્રનું ધ્યાન કરવાથી અને અરુણાચલની સીધી ચડાઇ તરફ આશ્ચર્યભર્યો દૃષ્ટિપાત કરવાથી, મારી અંતર સન્માનની એક ભયમિશ્રિત વિચિત્ર લાગણી પેદા થઇ.

'તમને ખબર છે?' મારા સાથીદારે કાનમાં ધીમેથી કહેવા માંડયું : 'આ પર્વતને ફક્ત પવિત્ર પ્રદેશ જ નથી માનવામાં આવતો, પરંતુ અહીંની સ્થાનિક પરંપરા પરથી તો એવું જણાય છે કે દેવોએ એને જગતના આધ્યાત્મિક કેન્દ્ર તરીકે પ્રસ્થાપિત કર્યો છે.'

એ નાનકડી દંતકથા સાંભળીને મારાથી હસ્યા વિના ન રહી શકાયું. એ કેટલી બધી સરળ અથવા નિખાલસ હતી?

આખરે મને જણાયું કે અમે મહર્ષિના આશ્રમની પાસે આવી પહોંચ્યા છીએ. રસ્તાની એક બાજુએ વળીને એક સામાન્ય માર્ગ પરથી પસાર થઇને અમે નાળિયેળી અને આંબાનાં વૃક્ષોનાં ઝુંડની પાસે પહોંચી ગયા. એને ઓળંગીને આગળ વધતાં એ માર્ગ એક ખુલ્લા દરવાજા પાસે આવીને પૂરો થયો. ગાડીવાળાએ નીચે ઊતરીને દરવાજાને પાછો ધકેલ્યો અને પછી અમને મોટા કાચા ચોકમાં હાંકી ગયો. અક્કડ થઇ ગયેલાં અંગોને છૂટાં કરીને, નીચે જમીન પર ઊતરીને મેં આજુબાજુ જોવા માંડયું.

મહર્ષિનું એ આશ્રમસ્થાન આગળના ભાગમાં નજીક ઊગેલાં

વૃક્ષો ને ગીચ ઝાડીવાળા બગીચાથી ઘેરાયેલું હતું. પાછળ તથા બાજુ પર છોડ તથા થોરની વાડ હતી, અને દૂર પશ્ચિમ તરફ ગીચ જંગલ અથવા વન હતું. એની સ્થાપના અત્યંત રમણીય રીતે પર્વતની તળેટીના નીચેના ભાગમાં કરવામાં આવેલી હતી, એ એકાંત અલગ જગ્યા ધ્યાનમાર્ગનો ઉત્તમોત્તમ અભ્યાસ કરનારને માટે સુયોગ્ય દેખાતી.

ચોકની ડાબી બાજુએ ઘાસના છાપરાવાળાં બે મકાન હતાં. એમની નજીકમાં એક અદ્યતન ઢબનું, લાંબું મકાન હતું. એનું લાલ નળિયાંવાળું છાપરું ઉપરનાં નેવાં તરફ ઝૂકેલું હતું. એના આગળના ભાગમાં નાની ઓસરી હતી.

ચોકની વચ્ચેના ભાગમાં મોટો કૂવો હતો. ત્યાં એક છોકરો જોવા મળ્યો. કમર સુધી ઊઘાડા શરીરવાળો, કાળી શાહી જેવી ચામડીવાળો, એ છોકરો કરકર અવાજ કરતી ગરગડીની મદદથી ધીમેથી પાણીની બાલદી કાઢતો હતો.

અમારા આગમનનો અવાજ સાંભળીને મકાનોમાંના થોડાક માણસો ચોકમાં આવ્યા. એમનો પહેરવેશ તદ્દન જુદો હતો. એકની કમર પર ફાટેલો–તૂટેલો કપડાનો ટુકડો વીંટેલો હતો, પરંતુ બીજાએ કીમતી સફેદ રેશમી કફની પહેરેલી હતી. એ અમારી તરફ જિજ્ઞાસાભરી દૃષ્ટિથી જોઇ રહ્યા. એમના આશ્ચર્યથી આનંદ પામતાં મારા સાથીએ હસવા માંડયું. એમની પાસે પહોંચીને એણે તામિલમાં કશુંક કહ્યું પણ ખરું. એને લીધે એમના ચહેરા પરના ભાવ એકદમ બદલાઇ ગયા. એમણે એકસાથે સ્મિત કર્યું અને મારી તરફ પ્રસન્નતાપૂર્વક જોવા માંડયું. એમના ચહેરા પરના ભાવ મને ગમી ગયા.



ભગવી કફનીવાળા સાધુએ 'હવે આપણે મહર્ષિના હોલમાં જઇએ' એમ કહીને મને એમની પાછળ જવાની સૂચના કરી, હોલની બહારની પથ્થરની ઓસરીમાં ઊભા રહીને મેં મારા બૂટ કાઢી નાંખ્યા. ભેટ આપવા માટે આણેલો ફળનો નાનકડો જથ્થો લઇને મેં ઊઘાડા બારણામાં પ્રવેશ કર્યો.

* * *

વીસેક મનુષ્યોની દૃષ્ટિ અમારા પર ફરી વળી. એ મનુષ્યો રાતી લાદીવાળી જમીન પર અર્ધગોળાકારમાં બેઠા હતા. બારણા-ની જમણી તરફના દૂરના ખૂણાથી થોડેક દૂર એ બધા માનપૂર્વક ટોળે વળીને બેઠેલા. અમારા પ્રવેશ પહેલાં પ્રત્યેકની દૃષ્ટિ એ ખૂણા તરફ મંડાયેલી હતી. એકાદ ક્ષણ માટે મેં એ તરફ જોયું તો ત્યાં લાંબા સફેદ કોચ પર કોઇક પુરુષ બેઠેલા. એમને જોઇને મારી ખાતરી થઇ કે એ મહર્ષિ પોતે છે.

મારા ભોમિયાએ કોચની પાસે જઇને જમીન પર લાંબા થઇને પ્રણામ કર્યા, અને બે હાથ જોડીને આંખ ઢાંકી દીધી.

દીવાલ પૂરી થતી હતી ત્યાંની ઊંચી મોટી બારીથી કોચ થોડાંક ડગલાં જ દૂર હતો. મહર્ષિના શરીર પર ચોખ્ખો પ્રકાશ પડતો હતો. એમના શરીરને સારી પેઠે જોઇ શકાતું : કારણ કે આજે સવારે અમે જે દિશામાંથી આવ્યા તે જ દિશામાં એ બારીમાંથી બહાર જોતા, દૃષ્ટિ સ્થિર કરીને બેઠા હતા. એમનું મસ્તક સ્થિર હતું. એટલે એમનું ધ્યાન ખેંચવા અને ફળની ભેટ ધરતી વખતે અભિનંદનના બે શબ્દો કહેવા, બારી તરફ શાંતિપૂર્વક જઇને એમની આગળ મારી ભેટ મૂકીને, એકાદ બે પગલાં પાછાં ભરીને મેં એમની તરફ જોવા માંડયું.

એમના કોચની આગળ પિત્તળની નાનીસરખી સગડી હતી. એને સળગતા કોલસાથી ભરવામાં આવેલી હતી. એમાંથી આવતી માદક સુવાસ પરથી લાગતું હતું કે અંગારામાં કોઇ સુગંધીદાર દ્રવ્ય નાંખવામાં આવ્યું છે. એની બાજુમાં એક ધૂપદાનીમાં અગરબત્તી સળગતી હતી. એના ધૂમાડાની રેખા ઉપર ઊઠીને હવામાં તરવા માંડતી. પરંતુ પેલી તીવ્ર સુવાસ તો જુદી જ તરી આવતી.

પાતળી સુતરાઉ કામળી વાળીને જમીન પર બિછાવીને હું નીચે બેઠો, ને કોચ પર વિચિત્ર રીતે બેઠેલી એ શાંત વ્યક્તિ તરફ આશાપૂર્વક જોવા લાગ્યો. મહર્ષિનું શરીર એના પરના એક નાના પાતળા કટિવસ્ત્ર સિવાય મોટે ભાગે નગ્ન જેવું હતું, પરંતુ એવું તો આ બાજુના પ્રદેશમાં સામાન્ય રીતે દેખાતું હોય છે. એમની ચામડી સહેજ તામ્રવર્ણી છતાં સામાન્ય દક્ષિણ ભારતીયની ચામડીની સરખામણીમાં ઊજળી હતી. એ ઊંચા મનુષ્ય છે અને એમની ઉંમર પચાસની અંદર છે એવું અનુમાન થયું. નજીક નજીક ઊગેલા ભૂખરા વાળથી ઢંકાયેલું એમનું મસ્તક સુદૃઢ હતું. કપાળ ઊંચું તથા વિશાળ હતું, અને એથી એમની બૌદ્ધિક વિશેષતા દેખાઇ આવતી હતી. એમનાં લક્ષણો ભારતવાસી કરતાં અંગ્રેજને વધારે મળતાં આવતાં હતાં. એવી પ્રાથમિક છાપ મારા પર પડી રહી.

કોચ પર સફેદ તકિયા પડેલા હતા અને મહર્ષિના પગ નીચે અત્યંત સુંદર અથવા દેખાવડું વ્યાઘ્રચર્મ પાથરવામાં આવેલું.

હોલમાં ટાંકણી પડે તોપણ સંભળાય એવી શાંતિ હતી. અમારા આગમનની ખબર ન હોય તેમ સંતપુરુષ સંપૂર્ણ શાંત, અચળ અને એકદમ સ્વસ્થ રહ્યા. એક કાળી ચામડીવાળો શિષ્ય કોચની બીજી બાજુએ જઇને જમીન પર બેસી ગયો, એણે દોરડું ખેંચીને પંખો નાંખવાનું શરૂ કરીને ત્યાંની નીરવતામાં ભંગ પાડયો. પંખો લાકડાના પાટડા સાથે લગાડેલો અને સંતના મસ્તકની બરાબર ઉપર લટકાવવામાં આવેલો હતો. ત્યાં બેઠેલા પુરુષનું ધ્યાન ખેંચવાની ઇચ્છાથી એમની આંખમાં મારી દૃષ્ટિને સ્થિર કરીને પંખાનો સંવાદી શબ્દ મેં સાંભળવા માંડયો. એ આંખ કાળીશી, મધ્યમ કદની અને ખુલ્લી હતી.



મારી હાજરીની ખબર હોય તોપણ, એની ખબરેય પડવા ન દીધી કે કોઇ સૂચના પણ ન આપી. એમનું શરીર એકદમ શાંત અને પૂતળા પેઠે અચળ હતું. એમની આંખ કોઇ દૂરના પ્રદેશમાં સ્થિર થઇ હોવાથી, મારી આંખ સાથે એક વાર પણ ન મળી. એ દૃશ્ય મને કશાકની આશ્ચર્યભરી યાદ આપનારું લાગ્યું. મેં એવું દૃશ્ય બીજે ક્યાં જોયેલું? મારા સ્મરણપટ પર સંઘરાયેલા ચિત્રો મારી આગળ એક પછી એક હાજર થવા માંડયાં, અને છેવટે પેલા મૌનવ્રતધારી સંતની આકૃતિ મારી મનની આંખ આગળ આવીને ઊભી રહી : એ તપસ્વીની આકૃતિ જેમની મુલાકાત મેં મદ્રાસ પાસેના એકાંત કુટિરમાં લીધેલી, અને જેમનું શરીર પથ્થરમાંથી કોરી કાઢેલી પ્રતિમા જેવું અચળ દેખાતું. મહર્ષિના શરીરની અચળતા એની સાથે આબેહૂબ મળતી આવતી હતી.

માણસની આંખ એના આત્માનું દર્શન છે, એવો મારો પ્રાચીન સિદ્ધાંત છે. પરંતુ મહર્ષિની આંખ આગળ હું લાચાર બની ગયો, આશ્ચર્યચકિત થયો, ને ગભરાયો.

મિનિટો કહી ન શકાય એટલી બધી ધીમેથી પસાર થવા

લાગી. દીવાલ પર લટકતા આશ્રમના ઘડિયાળમાં અર્ધો કલાક પૂરો થયો. વળી વખત વીતવા લાગ્યો અને એક કલાક થઇ ગયો. તે છતાં હોલમાં કોઇ પણ હાલતુંચાલતું ન દેખાયું, અને કોઇએ બોલવાની હિંમત પણ ન કરી. મારી સ્થિર થયેલી દૃષ્ટિને લીધે હું એક એવી અવસ્થાએ પહોંચી ગયો કે કોચ પરની શાંત આકૃતિ સિવાયના બીજા બધાના અસ્તિત્વને ભૂલી ગયો. એમની આગળ પડેલા લાકડાના નકશીકામવાળા નાના ટેબલ પરનાં મેં અર્પણ કરેલાં ફળ પણ એમ ને એમ જ પડી રહ્યાં હતાં.

પોતાના ગુરુની મુલાકાત પેલા મૌનવ્રતધારી સંતપુરુષની મુલાકાત જેવી જ થશે એવી ચેતવણી મારા ભોમિયાએ મને નહોતી આપી. સંપૂર્ણ ઉદાસીનતાપૂર્વક થયેલું મારું આ વિચિત્ર સ્વાગત એકાએક જ આવી પડયું. કોઇ પણ અંગ્રેજના મનમાં સૌથી પહેલો વિચાર તો એ પેદા થાય કે ' આ પુરુષ પોતાના ભક્તોને લાભ પહોંચાડવા માટે આવી રીતે બેસી રહ્યા છે?' મારા મનમાં પણ એવો વિચાર એકાદ બે વાર આવી ગયો. પરંતુ મેં તેને તરત જ કાઢી નાંખ્યો. મારા ભોમિયાએ મને માહિતી નહોતી આપી કે એમના ગુરુ સમાધિમાં ડૂબી જાય છે. તોપણ એ સાચેસાચ ધ્યાનની ઊંડી દશામાં કે સમાધિમાં હતા. બીજો વિચાર મારા મનમાં એ આવ્યો કે 'ધ્યાનની આ ગહન અવસ્થા નિરર્થક શૂન્યતા સિવાય વધારે કશું જ નથી?' એ વિચાર ટક્યો પણ લાંબો, પરંતુ મારાથી એનો ઉત્તર આપી શકાય તેમ ન હોવાથી, મેં એને મૂકી દીધો.

એ પુરુષમાં એવું કશું જ જરૂર હતું જેણે લોહચુંબક જેવી રીતે પોલાદના ભૂકાને ખેંચે તેવી રીતે મારું ધ્યાન ખેંચી રાખ્યું. મારી દૃષ્ટિ હું એમનાથી દૂર નહોતો ફેરવી શકતો. આરંભનું મારું



આશ્ચર્ય, અથવા મારી પૂરેપૂરી અવજ્ઞા થઇ છે એવા વિચારને પરિણામે પેદા થયેલી વ્યગ્રતા, વાતાવરણનું અદ્ભુત જાદુ મારા પર પથરાવા માંડયું તેમ તેમ, ધીમેથી દૂર થઇ. એ અસાધારણ દૃશ્યના બીજા કલાકમાં તો મારા મનમાં એક પ્રકારનું શાંત, પ્રતિકાર વિનાનું, પરિવર્તન થઇ રહ્યું છે એવો મને અનુભવ થયો. ટ્રેનમાં કાળજીપૂર્વક તૈયાર કરેલા મારા પ્રશ્નો એક પછી એક પડતા મૂકાયા. કારણ કે એ પ્રશ્નો પૂછાય કે નહિ, અને મને આજસુધી સતાવતી સમસ્યાઓનો ઉકેલ થાય કે નહિ, એનો વધારે અર્થ મને ન દેખાયો. મને એટલું જણાવા લાગ્યું કે શાંતિની એક સ્થિર નદી મારી તરફ વહેવા માંડી છે, મારા અંતરના અંતરમાં ઊંડી શાંતિ ફેલાવા લાગી છે, અને વિચારોથી શ્રમિત થયેલા મારા મનને કાંઇક વિશ્રાંતિનો અનુભવ થવા માંડયો છે.

મારી જાતને અવારનવાર પૂછેલા પ્રશ્નો અત્યારે કેટલા નાના લાગે છે! વીતેલાં વરસોની સ્મૃતિ પણ કેટલી ક્ષુલ્લક લાગે છે! મને એકાએક એ સ્પષ્ટ રીતે સમજાયું કે બુદ્ધિ પોતાના પ્રશ્ન પોતાની મેળે પેદા કરે છે અને પછી એમનો ઉકેલ કરવાની મુશ્કેલી અનુભવે છે. બુદ્ધિને આજ લગી આટલું બધું મહત્ત્વ આપનારા મનમાં એવો ભાવ પેદા થાય એ ખરેખર નવાઇ જેવું હતું.

બે કલાક પૂરા થયા ત્યાં સુધી ધીમે ધીમે વધતી જતી શાંતિનો હું અનુભવ કરતો રહ્યો. વખત વીતવાને પરિણામે મને કશી ઉત્તેજના ન થઇ, કારણ કે મનદ્વારા પેદા કરાયેલી સમસ્યાઓની સાંકળ તૂટવા લાગી અને દૂર ફેંકાઇ ગઇ એવો મને અનુભવ થયો. ધીમે ધીમે એક બીજો પ્રશ્ન મને વીંટી વળ્યો.

'ફૂલ પોતાની પાંખડીઓમાંથી ફોરમ ફેલાવે તેવી રીતે મહર્ષિ આત્મિક શાંતિની સુવાસ છોડી રહ્યા છે?'

આધ્યાત્મિકતાને સમજવાની મારામાં પૂરેપૂરી યોગ્યતા છે એવું મેં નથી માન્યું. છતાં પણ બીજાં માણસો માટે મારી અંગત પ્રતિક્રિયા થતી રહી છે. મહર્ષિના વ્યક્તિત્વની મારા પર થયેલી પ્રતિક્રિયા એ હતી કે મારી અંદર એક પ્રકારની અદ્‌ભુત શાંતિનો આવિર્ભાવ થયો છે એવો આભાસ મારી આજુબાજુની અત્યારની ભૌગોલિક પરિસ્થિતિને આભારી છે. મારા અશાંત અંતરાત્માને આવૃત્ત કરતી એ શાંતિ, આત્માની કોઇ વિશેષ શક્તિ અથવા અજ્ઞાત માનસિક સંદેશ પહોંચાડવાના ક્રમદ્વારા, એમની પાસેથી મારી પાસે આવી રહી છે કે કેમ એવો વિચાર પણ મેં કરવા માંડયો. તે છતાં એ તો તદ્દન શાંત જ રહ્યા. મારી હાજરી કે મારા અસ્તિત્વની પણ જાણે કે ખબર ન હોય એવી રીતે. (ક્રમશઃ)

### પ્રભુ શાન્તિ આપે

પૂ. મા અને પૂ. ગુરુદેવ યોગેશ્વરજીના કેનેડાના અગ્રગણ્ય ભક્તો છે શ્રી સુરેશભાઇ અને શ્રી રાજુભાઇ શાહ. તેઓના પિતાશ્રી મોહનભાઇ શાહનો કેનેડામાં તા. ૧૫/૭/૯૭ ના રોજ સ્વર્ગવાસ થયો. શારદાબેનને લીધે જ તેઓને નાનપણથી જ પૂ. ગુરુદેવશ્રીનો પરિચય અને સેવા કરવાનો લહાવો મળેલો છે. એવા પિતાને શાન્તિ હોય જ. છતા યોગેશ્વર પરિવારના સહુ ભક્તો તેમના આત્માને શાન્તિ મળે તેવી પ્રભુને પ્રાર્થના કરે છે.



# રામકથા

(ગતાંકથી ચાલુ) **યોગેશ્વરજી**

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'ઊર્મિલાને તો હું પણ નથી ભૂલી શક્યો, લક્ષ્મણ!' રામે કહ્યું : 'એની અને ભરતની યાદ મને અવારનવાર આવ્યા કરે છે. એ બંનેએ પ્રદર્શિત કરેલો પવિત્ર પ્રખર પ્રેમ અને એમણે આપેલો ભોગ અનુપમ છે. એનું ઋણ આપણાથી કોઈ રીતે નહિ ચૂકાવી શકાય. સમુદ્ર ગમે તેટલો વિશાળ હશે તોપણ તેને પાર કરીને આપણે સીતાને છોડાવી લાવીશું અને કાળરૂપી સાગરને પાર કરીને ઊર્મિલા, ભરત, શત્રુઘ્ન તથા કૈકેયી, કૌશલ્યા તેમ જ સુમિત્રા જેવી માતાઓને અને મહર્ષિ વસિષ્ઠ જેવા પૂજ્ય પુરુષોને અથવા વડીલોને મળીશું. હવે તો આપણે સૌથી પહેલાં એક જ કામ કરવાનુ છે અને તે સમુદ્રને પાર કરવાનો ઉપાય શોધવાનું. એ સિવાય આપણાથી લંકામાં નહિ જઇ શકાય.'

'એનો ઉપાય પણ મળી રહેશે.' વિભીષણે કહ્યું.

'તમારી કૃપાથી સમુદ્રને પણ સહેલાઇથી પાર કરી શકાશે.' સુગ્રીવે જણાવ્યું.

હનુમાન બોલ્યા : 'મારામાં એટલી શક્તિ અને હિંમત છે કે તમને ને લક્ષ્મણને મારા ખભા ઉપર બેસાડીને અત્યારે જ સમુદ્રને ઓળંગીને સામે કિનારે પહોંચી જાઉં, પરંતુ વાનરોની વિશાળ સેનાનો પ્રશ્ન તો એવો ને એવો જ રહે. એ સેનાનું શું થાય? એને પણ લંકામાં લઇ જવી જરૂરી છે.'

રામે કહ્યું : 'તમારા ખભા પર બેસીને સાગર પાર થવા

કરતાં આપણે સૌ સાથે જ સામે કિનારે પહોંચી જઇશું. એવો ઉપાય પણ મળી રહેશે. મારા બાણમાં સઘળી શક્તિ છે. તે ઉપરાંત કોઇક બીજો ઉપાય હશે તોપણ સાથે બેસીને શાંતિથી વિચારી જોઇશું.'

રામનાં વચને સૌને હિંમત અને શાંતિ આપી.

રાતે સૌ વિખરાયા ને સૂવા માટે ગયા.

રામની પથારી પાસે લક્ષ્મણે શાંતિપૂર્વક બેસીને ચોકી કરવા માંડી.

રામને મોડી રાત સુધી નિદ્રા ન આવી. વચ્ચે એમણે લક્ષ્મણને સંબોધીને કહ્યું : 'સીતાનું હરણ થયું છે ત્યારથી મને કોઇ દિવસ પહેલાં જેવી શાંતિપૂર્વક ઊંઘ નથી આવી, પરંતુ આજે તો એ એકદમ રીસાઇ ગઇ લાગે છે. આંખ મીંચવાની ના પાડે છે.'

'મન કોઇ વિચારે ચઢયું છે?'

'વિચારે તો શું ચઢે?'

' તો પછી? આપણા પૂજ્ય પિતાની સ્મૃતિ થઇ આવી?'

એમની સ્મૃતિ કોઇ કોઇવાર થઇ આવે છે ખરી, પરંતુ આજે નથી થતી. એ તો હવે આપણે મૂકીને વિદાય થયા. હવે એમનું દર્શન નહિ થઇ શકે. આપણને અયોધ્યામાં સહીસલામત પાછા ફરેલા જોવા માટે પણ એ ન રહી શક્યા. એમને મૃત્યુ વખતે આપણો મેળાપ ન થઇ શક્યો એ હકીકત કાંઇ ઓછી દુઃખદ તો નથી જ. મને એ વારંવાર વ્યથિત કરે છે, છતાં જે થવાનું હતું તે થઇ ગયું. એનો અફસોસ હવે નિરર્થક છે. મને અત્યારે તો અશોકવાટિકામાં બેઠેલી શોકમૂર્તિ સીતાની સ્મૃતિ સતાવી રહી છે. એની મુખાકૃતિ મારી આંખ આગળથી નથી ખસતી. શું કરું કે એની પાસે જઇ પહોંચું એવું થયા કરે છે.' (ક્રમશઃ)

## * જ્ઞાન, વૈરાગ્ય કે સાધનાને નામે ગેરસમજ *

જ્ઞાન, વૈરાગ્ય કે સાધનાને નામે એક ત્રીજી ગેરસમજ પણ ફેલાયેલી છે. તે ગેરસમજ કઇ છે તે જાણો છો? તે ગેરસમજ એવી છે કે જે જ્ઞાની, વૈરાગી, ભક્ત કે સાધક હોય તેને પોતાના ઘર, કુટુંબ, સમાજ ને દેશ સાથે કાંઇ જ લાગેવળગે નહિ. તેમના તરફની તેને માટે કોઇ ફરજ હોઇ શકે નહિ. બધા સાથેનો સંબંધ તે કાપી નાંખે, ને બધા પ્રત્યે ઉદાસીન અથવા બેદરકાર બની રહે. 'જગત ને ભગતને વળી શું લાગેવળગે' એમ વધારે ભાગના લોકોનું માનવું હોય છે. ને તેથી જ કોઇ જ્ઞાની કે સાધક જો ઘર, કુટુંબ ને ગામસાથે સંબંધ રાખે, ને સમાજ કે દેશના કોઇ હિત કાર્યમાં પડે તો તે માયામાં પડયો છે એમ માનીને તેની નિંદા કરવામાં આવે છે, તેને માટે તરેહતરેહના તર્ક થાય છે. એમાં પણ ગેરસમજ રહેલી છે. ને તેનો અંત આવવો જોઇએ.

જ્ઞાની કે વિવેકી પુરુષ કોઇની મમતા કરે નહિ, કોઇમાં આસક્તિ રાખે નહિ, એ વાત સમજી શકાય તેવી છે. પણ પોતાની ફરજ કે પોતાનો સેવાધર્મ બજાવવાનું છોડી દે એમાં દોષ રહેલો છે એમ કહ્યા વિના ચાલે તેમ નથી. આપણે ત્યાં લાંબા વખતથી એવી માન્યતા ચાલી આવે છે કે ઘર, કુટુંબ, સમાજ ને એવા બીજા સંબંધો માણસને બંધનમાં નાંખનારા ને તેથી માયારૂપ છે. જ્ઞાની કે સાધકે તેનો ત્યાગ કરવો જોઇએ. પ્રેમ, કરુણા હિતકામનાની બધી જ વૃત્તિને તેણે દૂર કરવી જોઇએ. પરંતુ એ માન્યતા અજ્ઞાનમૂલક કે ખોટી છે. માણસને બંધનમાં રાખનારી વસ્તુ રાગદ્વેષ ને તેના સરદાર જેવું અજ્ઞાન છે. જેનામાં તેનો વાસ છે, ને જે પોતાના મન ને પોતાની ઇન્દ્રિયોનો ગુલામ છે, તે ઘર મૂકીને વનમાં વસે ને કુટુંબ કે સમાજને છોડીને એકલો રહેવા માંડે, તોપણ બંધનમાંથી છૂટી શકતો નથી.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# * આસક્તિ–ભારતીય સાધનાનો સારભાગ *

સંસારનો તિરસ્કાર નહિ, સંસાર તરફ આંખ-મીંચામણાં નહિ, ને સંસારના પદાર્થ કે સુખનો ત્યાગ નહિ પરંતુ નિર્લેપતા અથવા અનાસક્તિ જ ભારતની જીવનદૃષ્ટિ છે. આપણા જીવનનો સાર આ જ હોઈ શકે. બાહ્ય ત્યાગ કેટલીક વાર જરૂરી હોય છે ખરો; પરંતુ તે તો સાધન છે. તેનો લાભ લઈને માણસે પરમાત્માની વધારે ને વધારે પાસે પહોંચી છેવટે સંસારમાં અનાસક્ત ભાવે શ્વાસ લેતાં શીખવાનું છે. રાજા જનક ને ભગવાન કૃષ્ણ એવા જ અનાસક્તિના જ્યોતિર્ધરો હતા. કોઈ મને પૂછે કે ભારતની સાધનાનું સરવૈયું શું, અથવા તેના સારભાગને બે વાતોમાં કહી બતાવો, તો હું તેને એટલો જ ઉત્તર આપું કે પરમાત્માની પ્રાપ્તિ ને અનાસક્તિ. ભારતીય સાધનાનો આ સારભાગ છે. કહો કે તેનું ડાબું ને જમણું હૃદય છે. પંખીની બે પાંખની જેમ ભારતીય સંસ્કૃતિ આ બે પાંખે ઊડે છે. આ તેની ઢાલતલવાર છે. આ બેનો સુવર્ણસંગમ જેના જીવનમાં થાય તેના જીવનમાં ગંગા ને જમના કરતાં પણ વધારે પાવનતા પ્રકાશી ઊઠે. તેનું જીવન મંગલ તીર્થ જેવું પ્રાણવાન બની જાય. ઈશાવાસ્યોપનિષદ્‌ના પહેલા બે શ્લોકોમાં સંસ્કૃતિની એ બંને બાજુનો ચિતાર મળે છે. તેના પર જેટલું મનન થાય તેટલું ઓછું છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.